vitraag vigyaan
May 2014, Mumbai
Volume 4, Issue 3

अनन्य परिवर्तन





જે તીર્થંકરદેવે સ્વરૂપસ્થ આત્માપણે થઈ વક્તવ્યપણે જે પ્રકારે તે આત્મા કહી શકાય તે પ્રમાણે અત્યંત યથાસ્થિત કહ્યો છે, તે તીર્થંકરને બીજી સર્વ પ્રકારની અપેક્ષાનો ત્યાગ કરી નમસ્કાર કરીએ છીએ.

પૂર્વે ઘણા શાસ્ત્રોનો વિચાર કરવાથી તે વિચારનાં ફળમાં સત્પુરુષને વિશે જેનાં વચનથી ભક્તિ ઉત્પન્ન થઈ છે, તે તીર્થંકરનાં વચનને નમસ્કાર કરીએ છીએ.

ઘણા પ્રકારે જીવનો વિચાર કરવાથી, તે જીવ આત્મારૂપ પુરુષ વિના જાણ્યો જાય એવો નથી, એવી નિશ્ચળ શ્રદ્ધા ઉત્પન્ન થઈ તે તીર્થંકરના માર્ગબોધને નમસ્કાર કરીએ છીએ.

ભિન્ન ભિન્ન પ્રકારે તે જીવનો વિચાર થવા અર્થે, તે જીવ પ્રાપ્ત થવા અર્થે, યોગાદિક અનેક સાધનોનો બળવાન પરિશ્રમ કર્યે છતે, પ્રાપ્તિ ન થઈ, તે જીવ જે વડે સહજ પ્રાપ્ત થાય છે, તે જ કહેવા વિશે જેનો ઉદ્દેશ છે, તે તીર્થંકરનાં ઉદ્દેશવચનને નમસ્કાર કરીએ છીએ.

- શ્રીમદ્ રાજચંદ્ર - વચનામૃત



અનુક્રમણિકા

શ્રીમદ્ રાજચંદ્ર જીવન કથની	...	૩
પૂજ્યશ્રીની સાથે સાથે	...	૬
મહાવીર જયંતિ	...	૧૮
પ્રશ્નોત્તરી	...	૨૦
તીર્થંકર	...	૨૨
પત્રોની પાંખે	...	૨૩
બાર ભાવના	...	૨૬
અખાના છપ્પા	...	૨૯
ભક્તિ એટલે અહંકારને વિલીન કરવાની તૈયારી	...	૩૨
અર્વાચીન જૈન જ્યોતિર્ધરો	...	૩૪
સંત સમાગમથી પરિવર્તન	...	૩૮
જૈન ધર્મનો પગથાર	...	૩૯
સોહામણું સત્ય	...	૪૨
તત્ત્વ પહેલી (મે-૨૦૧૪)	...	૪૯
पूज्यश्री की अमृतवाणी	...	૧૫
प्रेरक प्रसंग	...	૪૩
The Master's Voice	...	11
Health To Eternal Happiness	...	45
The Reader's Forum	...	47

Editorial



જે સંસારના સુખને સુખ સમજે તે સામાન્ય અને જે સત્યને સુખ સમજે તે મહાવીર. મહાવીર જયંતિના પાવન અવસરે પૂજ્યશ્રીના વચનોમાંથી હૃદયને સ્પર્શતું એક વચન હતું કે આપણે ભૂતકાળના મહાવીરને તો ઓળખતા નથી અને વર્તમાનના મહાવીરને ઓળખવાની તાલાવેલી નથી, તસ્દી પણ લેતા નથી. તેથી ભ્રાંતિગતપણે અનેક ભવોથી ચાલી આવતી ભૂલને ફરીથી દોહરાવીએ છીએ.

આપણી આ ભૂલ રીપીટ ન થાય તે માટે આપણી પાસે હવે 'સતશ્રુત' છે જે માણસમાંથી મહાવીર બનવાનો પુરુષાર્થ યથાર્થપણે સમજાવી શકશે. જ્યારે પરમ કૃપાળુ દેવની અંતરંગ દશા સમજાશે ત્યારે મહાવીરનું 'મહાવીરપણુ' સમજાશે. જ્ઞાનીના વચનો અને એની ઉપર આપણે કરેલું ચિંતન-મનન જ હવે આપણો પુરુષાર્થ હોવો જોઈએ.

આખો મોક્ષમાર્ગ અત્યંત વિનમ્રતા, લઘુતા, દિનતામાં સમાયેલો છે. ભક્તિની આ રીત સમજાઈ જાય તો મુક્તિ દૂર નથી. ભક્તિ એ સર્વોપરી માર્ગ છે અને તે સત્પુરુષના ચરણ સમીપ રહી થાય તો ક્ષણવારમાં મોક્ષ કરી દે તેવો પદાર્થ છે. એક સત્પુરુષ જ સાધક જીવની સુષુપ્ત ચેતનાને જાગૃત કરવાનું કાર્ય કરે છે.

જીવ જ્યારે સત્સુખને પ્રાપ્ત કરવાનો વિચાર કરે ત્યારે તે વૈરાગ્યના રંગે રંગાય છે. કષાયો અને વિષયોમાંથી છૂટવા ભાવનાઓ ભાવે છે. આ અંકથી 'બાર ભાવના'ની કોલમ શરૂ થઈ રહી છે. જીવનમાં સત્સુખની પ્રાપ્તિ માટે આ ભાવનાઓનું ચિંતન ઘણું જ લાભદાયક પૂરવાર થાય છે.

શ્રીમદ્‌જીની અમૃતમય - અપૂર્વ જ્ઞાનદશા

(ગતાંકથી ચાલુ...)

શ્રીમદજીની અમૃતમય અપૂર્વ જ્ઞાન દશા

પોપટભાઈ મનજીભાઈ દેસાઈના અનુભવ

સાહેબજી જ્યારે લઘુ વયના હતા ત્યારે એક વખતે મોરબીથી અવધાન કરીને શ્રી વવાણિયા બંદરે પધાર્યા હતા તે વખતે મેં સાહેબજીને કહ્યું કે તમો બીજે ઠેકાણે ચમત્કૃતિ બતાવો છો અને મને તો કંઈ પણ નથી બતાવતા. માટે આજે તો જોવા ઈચ્છા છે. ત્યારે સાહેબજીએ જણાવ્યું (સહેજ હસમુખે બોલ્યા) કે તેમાં શું આશ્ચર્ય છે ? એમ કહી કહ્યું કે ભલે, તમો તમારા મનમાં ગમે તેટલા આંકડા ધારો અને તેના તમામ અક્ષરો ગમે તે પ્રકારે ત્રુટક ત્રુટક બોલી જાઓ. જેથી હું એક વખત સત્તાવીશમો અને એક વખત સત્તરમો, ને બીજી વખત પિસ્તાલીસમો તો ત્રીજી વખત આઠમો - એવી રીતે દરેક અક્ષરો બોલી ગયો. પછી સાહેબજી તુરંત જ તમામ શબ્દો અનુક્રમે ગોઠવી (ગોઠવણીથી) બોલી ગયા. જેથી મને ઘણું જ આશ્ચર્ય લાગ્યું અને વિચાર થયો કે સાહેબજીમાં અદ્‌ભૂત ચમત્કૃતિ છે, પરંતુ સાહેબજી જ્ઞાનીપુરુષ છે તેવી ઓળખાણ થઈ નહોતી.

સાહેબજી પોતે સવારમાં હંમેશા નાહીને લગભગ બે-ત્રણ કલાક સુધી સૂત્રજીના પાના વાંચતા હતા, તે એવી રીતે કે એક પાનું લીધું કે બીજું ફેરવ્યું એમ અનુક્રમે પાના ફેરવી જતા. સાહેબજીએ ફક્ત ગુજરાતીનો જ અભ્યાસ કર્યો હતો. પરંતુ તમામ સોળે ભાષાઓમાં બોલી શકતા, વાંચી શકતા અને લખી શકતા હતા. તેવી ભાષાઓનો જેઓએ અભ્યાસ કરેલો તેઓની થતી ભૂલો સુધારી આપતા કે આ ઠેકાણે તમારી આટલી ભૂલ થાય છે જેથી મને ઘણું જ આશ્ચર્ય લાગ્યું હતું.

કેટલાક લોકો એવા અભિપ્રાયથી સાહેબજી પાસે આવ્યા કરતા હતા કે સાહેબજી પાસેથી રિદ્ધિ સિદ્ધિઓ પ્રાપ્ત થઈ શકશે. તેઓ તરફ સાહેબજી બીલકુલ લક્ષ આપતા નહોતા. એક વખતે તેઓને જણાવ્યું કે તમો અમારી પાસે જે ઈચ્છાએ આવો છો તેવી ઈચ્છાએ અમારી પાસેથી પરમાર્થ લાભ નહીં



પામી શકાય, અર્થાત્ તેવી ઈચ્છાઓ ભવવૃદ્ધિના હેતુ છે, માટે તેવી ઈચ્છાએ આવશો નહીં. તમો જે વખતથી તેવી ઈચ્છાએ આવો છો ત્યારથી અમારા લક્ષમાં હતું પરંતુ આજે તમોને જણાવું છું અર્થાત્ જણાવવું પડ્યું છે.

સાહેબજી જ્યારે શ્રી વવાણિયા બંદરેથી બીજે સ્થાને પધારવાના હતા ત્યારે છેલ્લી વખતમાં મને જણાવ્યું કે ભાઈ પોપટ, બીજું તો કાંઈ નથી, પરંતુ અમોને એમ રહ્યા કરે છે કે તું અમારી પાસેથી જોઈએ તેવો પરમાર્થલાભ મેળવી શક્યો નહીં. ત્યારે મેં સાહેબજીને કહ્યું કે મેં આપની સેવા બજાવી છે એટલે હું માનું છું કે લાભ મળી શક્યો છે. ત્યારે સાહેબજી બોલ્યા કે જે લાભ મેળવવો જોઈતો હતો તે લાભ બિલકુલ મેળવી શક્યો નથી. બીજાઓ જે જે પ્રમાણમાં સમાગમમાં આવી તે તે પ્રમાણમાં લાભ મેળવી શક્યા છે પણ તેં લીધો નહીં. ત્યારબાદ સાહેબજીએ જણાવ્યું કે અમો આવતી કાલે આ ક્ષેત્ર છોડી બીજે ક્ષેત્રે જવાના છીએ માટે ટ્રંક પેટી તૈયાર કરી રાખજે. પછી મેં સાહેબજીના કપડાં તથા બે પુસ્તકજી તેમાં મૂક્યા અને સાહેબજીને જણાવ્યું કે ટ્રંક પેટી તૈયાર છે. તે ટ્રેન રાત્રીએ બે વાગ્યાના સુમારે ઊપડતી હતી. સાહેબજી અગિયાર વાગે તૈયાર થઈ બહાર પધાર્યા અને મારા મોટા ભાઈ રાયચંદભાઈ પાસે ગયા અને રાયચંદભાઈને ઉઠાડાયા. મારા ભાઈ રાયચંદભાઈએ સાહેબજીને જણાવ્યું કે પોપટને ઉઠાડું ? સાહેબજીએ ના પાડી અને જણાવ્યું કે રાત્રે અમોને મળ્યો છે. પછી સાહેબજી અમારી દુકાન પાસે કંદોઈની દુકાનની પાટ પર બિરાજ્યા. ત્યાં ટપાલ વાંચી. ત્યારબાદ ગાડી આવી. મારા ભાઈ વળાવીને આવ્યા. તે દિવસે ગાડી વીસ મિનિટ લેટ હતી. ઉપર જણાવેલી હકીકત મારા ભાઈએ મને જણાવી હતી.

સાહેબજીનો આતાપ-બળ એટલો બધો હતો કે કોઈપણ સાહેબજી પાસે દશ વાત પૂછવા ધારીને આવ્યા હોય અથવા હું દશ વાતો પૂછવા ધારીને ગયો હોઉં તો માંડ માંડ બે વાતો પૂછી શકતો, પરંતુ સાહેબજી પોતે એવું સમાધાન કરતા હતા કે ગમે તેટલા પ્રશ્નો પૂછવા ધારેલા હોય તે સઘળાનું સમાધાન એક જ વાતમાં કરી નાંખતા હતા. સાહેબજી પોતે કારણ સિવાય બોલતા નહોતા અને બોલવામાં આવે તે પણ ટૂંકમાં બોલતાં હતા.

સાહેબજીને ત્યાં જે કોઈ સાધુઓ વહોરવા માટે જાય ત્યારે તેઓને સાહેબજી પોતે પાસે ઊભા રહીને વહોરાવતા અને એક પડખા તરફ ઊભા રહેતા હતા અને સાધુઓને જણાવતા હતા કે જો કદાચ આપ ખોટી રીતે પ્રરૂપણા કરશો તો તેથી અનંત સંસારની વૃદ્ધિ થશે, માટે સત્ય પ્રરૂપણા કરજો.

સાહેબજી જ્યારે ધ્યાનમાં કે વિચારમાં હોય તેવા વખતમાં કોઈથી કાંઈપણ બોલી શકાય નહીં. જ્યારે નીચી દૃષ્ટિથી ઊંચી નજર કરતા ત્યારે જ, કાંઈ કહેવું હોય તે કહી દેતો. મને સાહેબજી 'વવાણિયા સમાચાર' કહેતા હતા.

સાહેબજી જ્યારે નાની ઉંમરના હતા ત્યારે પણ એકલા જ બેસીને વાંચતા હતા. ત્યારે માતુશ્રીએ

તથા પિતાશ્રીએ સાહેબજીને જણાવ્યું કે ભાઈ, આપણી સ્થિતિ સારી નથી, માટે કાંઈક ઉદ્યમ કરો તો ઠીક પડે. ત્યારે સાહેબજીએ જણાવ્યું કે જેવી જોઈએ તેવી સારી સ્થિતિ થશે, તે વિશે કાંઈપણ ઉચાટ રાખશો નહીં, સારી રીતે નિભાવો થઈ શકે તેમ થશે.

માતુશ્રી દેવબાઈ સંવત ૧૯૫૫ની સાલમાં ઘણાં જ બીમાર થતાં એક દિવસ અવાચક થઈ ગયા અને ગામના મહાજન તેમજ સગાસંબંધીઓને ખબર પડતાં બધા હાજર થયાં. સ્થિતિ ઘણીજ ભયંકર જણાતા રાત્રીએ ચાર-પાંચ માણસોએ સૂઈ રહેવા વિનંતી કરી, કારણ કે દરેકને એમ જણાતું હતું કે કલાક - અર્ધા કલાકમાં તેઓનો દેહ ખલાસ થઈ જશે. છતાં શ્રીમદે જણાવ્યું કે કશી ફિકર કરવા જેવું નથી, તેમજ આપે કોઈએ સૂવાની જરૂર નથી. શ્રીમદ્‌ના પિતાશ્રી ગુસ્સે થયા અને કહ્યું કે તારી માં હવે થોડા વખતમાં ગુજરી જશે છતાં આ ભાઈઓ માંગણી કરે છે તે તને કેમ કબૂલ નથી? પણ શ્રીમદે જણાવ્યું કે કશી ચિંતાનું કારણ નથી. બધા ભાઈઓ રજા લઈ પોત પોતાને મુકામે ગયા. હું ત્યાં રહ્યો હતો. લગભગ રાત્રીના અગિયાર વાગતાના અમલે શ્રીમદે માતુશ્રીના હથેળી તથા હાથ ઘસ્યા અને માથું ઘસ્યું. તેની સાથે શ્લોક બોલતા હતા. એક કલાક બાદ માતુશ્રી બોલ્યા કે, ''કોણ છે? મનસુખ?'' આ પરથી શ્રીમદે કહ્યું કે, હવે ફિકર કરવા જેવું નથી, માતુશ્રીની સ્થિતિ ઘણીજ ઠીક છે, પણ જીભ બોલતી વખતે જરા અચકાશે, ત્યારબાદ માતુશ્રી સૂઈ ગયા. હું પણ શ્રીમદ્‌ની પાસે સૂઈ રહ્યો. સવારે માતુશ્રી બેઠા થયા અને હરવા ફરવા માંડ્યું તેથી ગામના લોકોને ઘણો જ અચંબો થયો.

ભગવતી સૂત્ર નામનું મોટુ સૂત્ર રેલવેની ઝડપની માફક તેઓ અર્ધા કલાકની અંદર વાંચી જતા હતા. પદ્માસનથી બેસવાની ટેવ તેઓની હતી. તેઓશ્રી વવાણિયામાં હોય ત્યાં સુધી તેઓશ્રીની પાસે ૧૫-૨૦ માણસો જિજ્ઞાસુ તરીકે હાજર જ રહેતા અને તેથી તેઓશ્રીના પિતાશ્રી ગુસ્સે થતાં અને કહેતા કે હવે મારા છોકરાને થોડો તો આરામ લેવા દ્યો.

તેઓશ્રી જ્યારે વવાણિયાથી બહાર જતાં ત્યાં ૩૦-૪૦ માણસ તેઓશ્રીની સાથે સ્ટેશને જતું તેમજ આવવાના હોય ત્યારે લેવા જતાં. તેઓશ્રીની સાથે હું ફરવા જતો ત્યારે મને અને બીજા સોબતીઓને નિર્ભય રહેવા કહેતા. હું ઘણી વખતે ડરથી કહેતો કે ઘણી મોડી રાત્રી સુધી ફરવું વાજબી નથી, પણ તેઓશ્રી મને કહેતા કે તારી જિંદગીનું જોખમ અમારા પર છે, તારે તેની ચિંતા ન કરવી. મને અને બીજા સોબતીઓને ગામથી થોડે દૂર બેસાડી શ્રીમદ્‌ પોતે જંગલમાં દૂર જતાં અને ત્યાં કલાક દોઢ કલાક શાંતિમાં ગાળી પાછા ફરતા. તેઓશ્રી જ્યારે દૂર ચાલ્યા જતાં ત્યારે એક પ્રશ્ન અમારી પાસે ખુલાસો કરવા મૂકી જતાં. પ્રશ્ન એવો જ હોય કે અમો તેનો અર્થ ભાગ્યેજ કરી શકીએ. દૂરથી આવ્યા બાદ તેઓશ્રી પ્રશ્નનો ખુલાસો કરતા અને અમારી સાથે કલાક, અર્ધો કલાક ગાળી અમો બધા મોડી રાત્રીએ ઘરે પાછા આવતા. ◆



ભક્તિમાર્ગનું રહસ્ય

* ભક્તિમાર્ગનું રહસ્ય .... લેખક : શ્રી ભોગીલાલ ગીરધરલાલ શેઠ
નોંધ : પૂજ્યશ્રીના 'ભક્તિમાર્ગનું રહસ્ય'ના વિવેચનોનું આ સંક્ષિપ્ત સ્વરૂપ અનન્ય પરિવર્તનના તંત્રી વિભાગ દ્વારા આવરવામાં આવ્યું છે.

ગંભીરતાનો અર્થ એ કે બીજાની વાત જેટલી ખાનગી છે એ હૃદયમાં કેટલે હદ સુધી શમાવી શકવાની આપણી શક્તિ. એ શક્તિ જેટલી બળવાન થાય તો પછી આત્માના ગુણો ચોક્કસ પ્રગટે અને એ પણ આપણે સાચવી શકીએ.

આત્માના ગુણો સમજાય ત્યારે એ ગુણો માટે અદ્‌ભુત અહોભાવ થાય છે અને આવો અહોભાવ જેમ જેમ વધે એવી રીતે ભગવાનના, આત્માના બધાજ ગુણો પ્રત્યે અનહદ એવો પ્રેમ ઉત્પન્ન થાય.

આત્માના કે પ્રભુના ગુણો આત્મજ્ઞાન થયા પછી જ્યારે સમજાય ત્યારે એ ગુણ માટે અદ્‌ભુત્ અહોભાવ થાય છે અને આવો અહોભાવ જેમ જેમ વધે એવી રીતે ભગવાનના બધાજ ગુણો પ્રત્યે અનહદ એવો પ્રેમ ઉત્પન્ન થાય.

*** હે પ્રભુ ! આપનું વચન છે કે જગતમાં સ્વભાવથી સિદ્ધ સમાન એવા બિચારા અભવ્ય જીવો પણ ઘણા ઘણા છે જેઓ કદી આ દુઃખથી પીડિત અને ભયાકુળ સંસારનો અંત લાવી મોક્ષને પ્રાપ્ત થવાના નથી અને અનંતકાળ સુધી ચારે ગતિઓમાં ભટકતા રહેવાના છે. તો પછી શું એમ હશે કે તેઓ ક્યારેય પણ આપ ભગવંતમાં સાચો પ્રેમ અને સાચી શ્રદ્ધા કરી શકતા નથી અને સાચા મનથી આપનું અનન્ય શરણ સ્વીકારી શકતા નથી તેથી તેઓ અભવ્ય રહે છે ? હે પ્રભુ ! આપના જ્ઞાનમાં દેખાતું હોય તે સત્ય છે.**

શાસ્ત્રો એમ કહે છે કે ઘણા બધા જીવો અભવી છે. હવે જે જીવો અભવી છે એ જીવનું પણ શુદ્ધ સ્વરૂપ તો સિદ્ધ સમાન છે. સિદ્ધ ભગવાનનો આત્મા જેવો શુદ્ધ અને સર્વજ્ઞ છે એવા જગતના બધા આત્મા છે, એ ત્રિકાળી સિદ્ધાંત છે. જે અભવી

જીવ છે એના આત્મા ઉપર અનંત એવા કર્મો લાગેલા છે. એવા અનંતા કર્મો તો ભવી જીવોના આત્મા ઉપર પણ લાગેલા છે. નિગોદમાં જે જીવો છે એની અંદર અનંતા X અનંતા X અનંતા એટલા કર્મો હોય છે. આટલા બધા કર્મો હોવા છતાં નિગોદના બધા જીવો અભવી છે એમ તો ન કહેવાય. એટલે કર્મ વધારે કે ઓછા, એ ભવી કે અભવીનો નિયમ ન થાય એ સમજાય એવું છે. કર્મથી રહિત થાય તો બધા જીવો સિદ્ધસમ થઈ શકે છે.

આત્માની પ્રાપ્તિ કે આત્માનો અનુભવ કેવી રીતે થાય? ભગવાનના જે કંઈ ગુણો છે એ ગુણોનું હૃદયથી અત્યંત અત્યંત એવું મહાત્મ્ય લાગે એ પ્રમાણે કર્મો ઓછા બંધાય. જીવને જ્યારે આત્માની અનુભૂતી થાય ત્યારે આત્માના કોઈપણ ગુણનો બળવાનપણે સાક્ષાત્કાર એટલે અનુભવ થાય અને જે ગુણોનો અનુભવ થાય ત્યારે જીવથી બોલાઈ જાય, 'આટલા ભવોમાં આ 'જ્ઞાન' શબ્દ કે 'દાન' શબ્દ કે 'દયા' શબ્દ આજે મને અદ્‌ભુત રીતે સમજાયો છે.' આત્માના કે પ્રભુના ગુણો આત્મજ્ઞાન થયા પછી જ્યારે સમજાય ત્યારે એ ગુણ માટે અદ્‌ભુત્ અહોભાવ થાય છે અને આવો અહોભાવ જેમ જેમ વધે એવી રીતે ભગવાનના બધાજ ગુણો પ્રત્યે અનહદ એવો પ્રેમ ઉત્પન્ન થાય. જેને આત્મા પ્રાપ્ત છે એવા પુરુષને પ્રાપ્ત થયેલા આંશીક એવા ગુણો જીવને પોતાનામાં દેખાય કે મારામાં આટલી સમતા છે, ગુરુભગવાનમાં આટલી વધારે છે. હું આવા નાના પ્રસંગમાં ચલાયમાન થાઉં છું, એ મોટા પ્રસંગમાં આમ નથી થતા. એમ કરતાં કરતાં એમના પ્રત્યે જેમ જેમ પ્રેમ વધે એવી રીતે ગુણો પ્રગટ થાય, દોષો દૂર થાય અને જીવને ચોક્કસ કલ્યાણનું કારણ થાય. અહીંયા પ્રશ્ન એ છે કે જે અભવી જીવો છે એને શું ક્યારેય કોઈ ભવની અંદર પ્રભુ પ્રત્યે પ્રેમ નહીં જ આવે? એ એમજ બોલ્યા કરશે કે મારે કોઈની જરૂર નથી, હું તો શાસ્ત્ર વાંચી અને મોક્ષ મેળવી લઈશ. એટલે પ્રેમની ઉણપવાળા અભવ્ય હશે. કેટલાય જીવો આજે ડરતા હોય છે કે હું ભવી છું કે અભવી છું? અનંતા X અનંતા જીવો નિગોદમાં છે અને એક જ્યારે ભગવાન થાય ત્યારે એક બહાર નીકળે છે. બહાર નીકળવામાં અનંતકાળ જતો હોય અને અનંતકાળ સુધી જે મોક્ષે નથી જવાનો એ જીવ અભવી છે. અનંતકાળમાં

મોક્ષનો માર્ગ અત્યંત દુર્લભ જો કરેલો હોય તો એક જ કારણે આપણને ડરાવ્યા છે કે આપણે અનંતકાળ સુધી મોક્ષે જશું જ નહીં.

જ્યારે આપણે નિગોદમાં હતા ત્યારે આપણે બધા અભવી જ હતા. આપણે એવી રીતે બળ લઈએ કે મનુષ્યપણું પ્રાપ્ત થયું છે તો હવે સફળ થશે, મોક્ષે જઈશું. પણ સ્વચ્છંદ છોડીને પ્રભુ પ્રત્યે પ્રેમ ન આવે તો મોક્ષનો માર્ગ મળતો નથી. કારણ કે પ્રભુ એટલા બધા ગંભીર છે, કે જે કંઈ મળેલું છે એ કોઈને જાણવા દેતા નથી, ખાનગી રાખે છે. એટલે જગતમાં બધા લોકો રખડયા જ કરે છે. હવે એક જણ કોઈને ઓળખી લે, બીજા દસને કાનમાં કહી દે પકડી લેવા જેવા છે, બસ તો બધા ભવ્ય થઈ જઈએ. આ મોક્ષનો માર્ગ અત્યંત દુર્લભ જો કરેલો હોય તો એક જ કારણે આપણને ડરાવ્યા છે કે આપણે અનંતકાળ સુધી મોક્ષે જશું જ નહીં. આપણો આત્મા એક સંકલ્પ કરે કે મોક્ષ ચોક્કસ પ્રાપ્ત થાશે; અભવી, ભવી હોય મારા અનુભવની વાત છે.

કેવી રીતે ભક્તિ કરવી અને કયા ભગવાનની ભક્તિ કરવી આ બે ચીજ સમજાઈ જાય તો બધા ભવી છીએ; ન સમજાય તો અનંતકાળ સુધી મોક્ષ નથી.

જેમ જેમ જ્ઞાનનો વિકાસ થાય છે એવી રીતે ગંભીરતા ખૂબ જ વધતી જાય છે અને જ્યાં સુધી જ્ઞાનનો વિકાસ ન થતો હોય, આત્મજ્ઞાન ન થયું હોય ત્યાં સુધી સંસારમાં બીજાની વાત ન કરી અને ગંભીરતાનો ગુણ પ્રગટ કરવાનો છે.

*** હે સર્વજ્ઞદેવ ! આપની કૃપાથી આપના ધૈર્ય, ગંભીરતા અને ઉદારતા એ ત્રણે ગુણો અને તેનું રહસ્ય મને સમજાયું છે કે કોઈપણ જીવ આપની અને આપના પવિત્ર ધર્મની સત્ય સ્વરૂપે શ્રદ્ધા કરી આપને શરણે ન આવે ત્યાં સુધી મૌનપણે ગંભીર રહી ધીરજ રાખો છો. ગમે તેટલો વિલંબ થાય અને કાળ વ્યતીત થાય તો પણ અખૂટ ધીરજનો લેશ પણ ન્યૂન થતો નથી. આપનું શરણ સ્વીકાર્યા પછી આપ આપના ભક્તોનું રક્ષણ કરો છો અને તેની સર્વ માંગણીઓને સંતોષો છો. છેવટે આપનું સર્વસ્વ આપી દઈ તેને આપના સમાન સમર્થ કરો છો.**

આપણે બધા અનંત અનંતકાળથી રખડીએ છીએ. ભગવાન એટલે કે મહાવીર, રામ, કૃષ્ણને માત્ર નામથી, મૂર્તિથી કે ચિત્રપટથી માનતા હોઈએ એ તો આપણી, ભગવાનની કલ્પના છે. પણ આત્માનું પરમ શુદ્ધ સ્વરૂપ એ ખરેખર પરમાત્મા છે

એવું જ્યારે બરાબર સમજાય ત્યાર પછી સાચા ભગવાનની ભક્તિ થાય છે. પછી જો પ્રાર્થના થાય કે મને કંઈ મદદ કરો તો મૂર્તિમાંથી પણ પ્રેરણા મળે છે અને જીવ આગળ વધે છે.

કેટલાય ભવોની અંદર આપણે નાસ્તિક હોઈશું. ભગવાનની વિરુદ્ધ પણ ઘણીવાર બોલેલા હોઈશું, પણ એ શાંત થઈ અનંતકાળથી આપણને ધીરજથી જોયા કરે છે. આ ભવની અંદર કંઈક સાચી સમજણ પડી અને ખોળામાં માથુ મૂક્યું તો તરતજ હાથ માથે મુકી દીધો. પછી એમ નથી કહેતા ક્યાં રખડતો હતો આટલા ભવથી? ડરના માર્યા ઘણા લોકો ભગવાન પાસે ન જાય. નિયમ તો એ છે કે આપણા લાખ દોષ હોય એ દોષની અસર ભગવાનને કંઈ થતી જ નથી, એના ગુણો ક્યારેય ઓછા થતાં નથી. કેવી રીતે ભક્તિ કરવી અને કયા ભગવાનની ભક્તિ કરવી આ બે ચીજ સમજાઈ જાય તો બધા ભવી છીએ; ન સમજાય તો અનંતકાળ સુધી મોક્ષ નથી. આ જ ભક્તિમાર્ગનું રહસ્ય છે. અનંતકાળમાં જેનો મોક્ષ ન હોય એ બધા અભવી છે, સાચી સમજણ એ ભવ્યતા છે.

આત્માનું પરમ શુદ્ધ સ્વરૂપ એ ખરેખર પરમાત્મા છે એવું જ્યારે બરાબર સમજાય ત્યાર પછી સાચા ભગવાનની ભક્તિ થાય છે. પછી જો પ્રાર્થના થાય કે મને કંઈ મદદ કરો તો મૂર્તિમાંથી પણ પ્રેરણા મળે છે અને જીવ આગળ વધે છે.

*** હે પ્રભુ! આપના રહસ્યયુક્ત ગુણોનું સાચું જ્ઞાન આપે કરાવ્યું તેથી હું આપનો ખરા અંતઃકરણપૂર્વક ખૂબ ઉપકાર માનું છું અને આપને અત્યંત ભક્તિભાવથી કોટિ કોટિ વંદન કરું છું. તે અદ્‌ભુત જ્ઞાનનો સંપૂર્ણ લાભ મારે લેવો જ છે. તે માટે હું પ્રમાદનો ત્યાગ કરું છું, આપનું શરણ અને રક્ષણ મેળવી, સર્વ સ્વચ્છંદનો દોષ ટાળી આપની કૃપા અને અનુગ્રહને પામી હું પુરુષાર્થી થાઉં.**

સાચા અર્થમાં પુરુષાર્થી થાય એ લોકો આત્માર્થી ન થાય એવું બની ન શકે.

હે પ્રભુ! સાથ આપી મારા પુરુષાર્થને એવો વેગ અપાવજો કે જેથી હું આત્મવિકાસની સીડી જલ્દીથી ચઢી શકું અને પરમ પવિત્ર અને પરમ પાવનકારી આપના ચરણકમળ સમીપ રહી આપની સેવાનો ઉત્તમ લાભ મેળવી શકું.

હે પ્રભુ ! આપ તો પરમ ગુરુ છો તો સમયે સમયે જ્ઞાનદાન કરતાં રહેશો, ભૂલ થતી હોય ત્યાં ચેતાવી અને બચાવશો. વળી હે પ્રભુ ! આપ પરમ વૈધ છો. મારા રાગ, દ્વેષ અને અજ્ઞાનરૂપ ત્રિદોષને અનુપાન સહિતના ઔષધથી નિવારશો અને મને વીતરાગી બનાવી વીતરાગ કરશો. એ જ મારી ભાવના છે, અભિલાષા છે, માંગણી છે. કૃપા કરીને તે પૂર્ણ, પૂર્ણ કરશો.

આખો મોક્ષમાર્ગ અત્યંત અત્યંત એવી વિનમ્રતા, નમ્રતા, લઘુતા, દિનતામાં સમાયેલો છે. હું કંઈ પણ જાણતો નથી; મૂરખ છું, અબુધ છું, માટીનો પિંડ છું. હવે જેવી મૂર્તિ આપને ઘડવી હોય એવી બનાવો. મારી પાસે મારું પોતાનું આજથી કંઈ કરતા કંઈ નથી. આપ જેમ કહો એમ બોલવું છે. આજ પછી કોઈ ચીજ મારી રીતે, મારા મનથી, સ્વચ્છંદે ન કરું એમ મારી પ્રતિજ્ઞા છે. આટલા ચોખ્ખા થઈ એમના શરણે જઈએ તો અત્યંત અત્યંત ઉદાર થઈ જે કંઈ લબ્ધિ, રિદ્ધિ-સિદ્ધિ એમને પ્રાપ્ત છે, એ મોક્ષ આપવા પણ તૈયાર છે. ફક્ત ભક્તિની રીત સમજાઈ ગઈ, અનન્ય એવો પ્રેમ ઉત્પન્ન થાય તો બસ મોક્ષ દૂર નથી.

પ્રેમીની વિચારધારા એ પ્રકરણ પૂરું થઈ ગયું. બધાજ લોકો સત્ પરમાત્માતાને, પ્રેમ કરી શકે એ સંભવ નથી. કારણ કે પરમાત્માને, ભગવાનને, ઈશ્વરને આખું જગત ઓળખે છે પણ સત્ પરમાત્માને નથી ઓળખતું. એમની સાથે પ્રીતી થઈ એ ભ્રાંતિરૂપ હોઈ શકે, સાચા અર્થમાં ન હોઈ શકે. પણ જેને સત્ પરમાત્માની યથાર્થ સમજણ છે એ લોકો ચોક્કસ ભગવાનના પ્રેમી થઈ શકે. ઈશ્વરના ગુણોનું બહુમાન કરતાં કરતાં એ ગુણો હૃદયને જેમ જેમ સ્પર્શ થતાં જાય, સાક્ષાત અનુભવમાં એ ગુણો જેમ જેમ આવતાં જાય ત્યાર પછી પોતાના આત્માને પ્રેમ થતો જાય. પછી આપણો આત્મા જેવો છે એનાથી અનંતગણો શુદ્ધ, કર્મ રહિત એવો સિદ્ધ, અરિહંત અને કેવળીનો આત્મા છે. એમના આત્મા પ્રત્યે અનહદ પ્રેમ ઉત્પન્ન થાય અને આપણે ભગવાનના પ્રેમી થઈ શકીએ.

ॐ शांतिः शांतिः शांतिः

UPDESH CHHAYA

We learned in the last issue that .....

* How calm and collected Lord Mahavir remained even when being subjected to life threatening tortures by the demon Sangam ! HE felt sad for Sangam with the thought that he was incurring infinite lifetimes in a presence, whose mere sighting or remembrance is tremendously beneficial for a being ! At that instance, even a momentary delusion would have made the demon flee, but would have caused loss of Teerthankara status.

* Had Lord Mahavir intervened with special powers to rescue two disciples / monks when Goshala set them afire, HE would have incurred lifetimes; HE, who is devoid of thought "I am Guru, these are my disciples" cannot make such mistake. Teerthankara can never have possessiveness.

* The Masters can never advise to remain aloof to the causes or to ignore the means suggested for good inclinations; lack of non-violence is clearly indicated by eating at night and so a Master can never ask to do that. But, without understanding the underlying logic, if a being concludes that moksha can be attained only by avoiding night meals or observing specified acts, The Master, to help the being overcome his insistence, may ask him to let go of own conclusion and to follow the guidance provided by The Master.

..... and continue herein below with .....

* In these times, causes of devotion are declining and the indicators of apathy are on the rise.

* Keshi Swami was elder and was disciple of Parshvanath Swami, even then, accepted the five Mahavrat. Keshi Swami and Gautam Swami were great thinkers but Keshi Swami did not think "I am a senior in terms of Deeksha, so you accept character vows from me." A thinking and unassuming seeker, keen on self well-being, can never favour hierarchy.

Bhagwan Parshvanath was the 23rd Teerthankara and Bhagwan Mahavir, the

24th. It was the 4th era during the life of Bhagwan Parshvanath and the 5th era had begun by the time Bhagwan Mahavir passed away. Only four principal vows – ahimsa (non-violence), satya (truthfulness), achourya (non-stealing) and aparigrah (non attachment/non-possession) were preached and accepted till the times of Bhagwan Parshvanath since women were included in the aparigrah vow. Perceiving declining values and wanton inclinations in the 5th era, Bhagwan Mahavir preached the fifth principal vow – brahmacharya (celibacy).

Keshi Swami was disciple of Bhagwan Parshvanath and had accepted deeksha from HIM with only four principal vows yet, was not reluctant to accept the fifth principal vow, preached by Bhagwan Mahavir, in spite of seniority in terms of his deeksha. Openness to changes, as warranted by times, was evident in the introduction of fifth principal vow, by Bhagwan Mahavir.

We all understand that stagnancy is onset of death! Still, many of us are averse to openness - to the extent of not being ready to even apply our minds on anything other than our accepted beliefs.

Param Krupalu Dev was born about 2500 years after Bhagwan Mahavir. Lifestyle of people – the way they lived, the way they travelled, the way they ate, the way they communicated – all had drastically changed in 2500 years. Param Krupalu Dev realized that such changed scenario warranted changes in the norms preached by Bhagwan Mahavir and emphasized these, of course retaining the underlying principle.

*If a monk, before coming in contact with a Master has preached to some people, meets a Master and is commanded to go to those very people and accept his mistake before them that he had preached in ignorance so they should not get misled, the monk has little option but to follow that directive. If the monk says, "I cannot do that; instead, if you say, I can jump from a cliff or can do anything else but I cannot go back to those people", the Master responds, "forget the command and do not appear before me. Even if you jump 100000 times from the cliff, it will have no significance. Only if you do as told can you attain salvation. So, go and seek pardon for own well being."

The smallest mistake, when truly realized, should evoke regret followed by unconditional apology in a seeker. Thought process other than this, cannot occur in a being whose goal is salvation- even if he is an Acharya.

Krodh (anger), maan (pride), mayaa (illusion) and lobh (greed) are the four main kashaay (sin). Beings, over lifetimes, have carefully nurtured and become very attached to these sins and their off-shoots! Instances

of murdering someone in anger or for greed or committing suicide in despair are commonplace. Each such instance shows that for the sake of preserving or justifying one's kashaay – be it krodh, maan, mayaa or lobh or any of their sub-types – one is willing to go to any extent, including own death.

(who monitors observation of rules and code of conduct in the monks). One, who is keen to cancel his karma – upon coming in contact with a Master and accepting Him as such, cannot have own opinion or belief or insistence that what I believe only is right.

Unprecedented love and devotion with wholehearted surrender of mann (conscience), vachan (words / speech) and kaya (body) towards the Master results in cancellation of all karma accumulated over millions of lifetimes, within a span of 48 minutes only.

The instance of Revered Sobhagbhai uttering "In presence of this rising sun as witness, in presence of this flowing river as witness, I accept you as my lord and truly so for all my lifetimes" and completely bowing to Param Krupaludev, when HE visited Sayla, is well remembered by all seekers. Sobhagbhai's feelings and total surrender are clearly manifested in the said incident and the never-before benefit accrued to him within a very short span is also well known.

Constant boundless devotion with thought "I am soul" can lead to stunning progress of Aatma. Param Krupaludev has given us the key to complete salvation. One needs to remain in the midst of problems and strive, to be able to overcome them, not by running away from them. It can easily be ascertained from the events in most people's lives that we are preached and accordingly, resort to avoidance. It is like being advised to step away from water and chant mantra "I want to swim", to learn swimming !

Being able to maintain constant boundless devotion with thought "I am soul" – this equilibrium in such challenging situation saves him from kashaay, allowing him to experience the characteristics of his true self - Aatma.

Sansaar (material world) has been equated to an ocean which a seeker wants to cross. For fear of drowning, if he does not step into water, learn how to remain afloat, learn how not to drown while facing waves, how will he cross the ocean? Remaining in Sansaar, a seeker constantly has to face situations triggering kashaay (like the waves in an ocean).

One of the basic preaching is raag (attachment) and dvesh (malice) are to be desisted from. Since most

people tend to negatively react to detachment (without raag or dvesh) and perceive it as indifference, a seeker can ensure their non reaction by appearing to be attached, but remaining unattached within. Incurrence of new karm happens as per one's own bhaav and not as per how others perceive.

Instruction from Master is like a dam, saving the seeker from new karm, even if the seeker does not realize it.

* Gautam Swami was holder of four types gyaan and went to Anand shraavak. Anand shraavak said "I have gained gyaan." Gautam Swami responded "No, no. It cannot be. So, please seek pardon." Anand shraavak thought "He is my Guru. Perhaps, is making a mistake this time, but will be improper (for me) to say so. Being Guru, have to maintain decorum." Thus concluding, he asked, "Maharaj ! Pardon for sadbhoot words (truth) or asadbhoot words (falsehood)?" Gautam Swami responded "Pardon for asadbhoot words." Then Anand shraavak said "Maharaj! I am not in a position to seek pardon." So Gautam Swami moved away and came to Mahavir Swami and put the query to HIM. (Even though he was in a position to conclude, but having a Guru – Mahavir Swami, opted not to and put the query to HIM.) Mahavir Swami said "O Gautam ! Yes, it is as perceived by Anand and you are wrong; so, you seek pardon from Anand." "Yes, immediately", saying so, Gautam Swami went to seek pardon. Had the powerful moh not been completely overcome, Gautam Swami would not have gone and perhaps would have said "Maharaj! There are so many disciples. I can be a servant to them but I will not go there (to seek pardon)." That would not have been accepted (by Mahavir Swami). Gautam Swami went personally and sought pardon!

Many such examples are available. Upon receiving a clear-cut directive from Master, no second thought should arise in the seeker, except immediate acceptance thereof. Gautam Swami was holder of four types of gyaan and had he wished, could have himself ascertained if Anand Shravak indeed had gained gyaan. Having a Guru, humility prevented him from taking cognizance of own gyaan or making use thereof. Thus, went and narrated the incident to him. His complete surrender towards Guru is clearly manifested here.

Aum Shanti: Shanti: Shanti

Note: This translated and edited version of Pujya Prem Acharayji's Discourse is done by the Editorial Team of Ananya Parivartan



पूज्यश्री की अमृतवाणि

स्वच्छंद

नोंध : पूज्यश्री के 'स्वच्छंद' के विवेचन का यह संक्षिप्त स्वरूप अनन्य परिवर्तन के संपादक विभाग द्वारा लिखा गया है।

पिछले अंकमे यह जाना कि भगवान महावीरकी जो ज्ञान दशा थी, लगभग वैसी ही ज्ञान दशा परम कृपालु देवकी थी। परम कृपालु देवने 'स्वच्छंद' के बारे में जो कहा है, जीव को अनेक प्रकार से विचार करके, स्वच्छंद को समझना पड़ेगा और जब स्वच्छंद समझ में आयेगा, उसके बाद ही इस स्वच्छंद को टालने का सच्चा उपाय समझ में आयेगा और लम्बे समय के जागृत पुरुषार्थ से वो टलेगा।

स्वयं का छंद अर्थात स्वच्छंद अर्थात स्वयं का सूर, राग अथवा आसक्ति भाव, रागभाव, मोहभाव इत्यादि सब का समावेश 'स्वच्छंद' में आ जाता है।

उपदेश छाया ५ में परम कृपालु देव बताते है कि आत्मा को विघ्न करे वैसे सभी प्रकार की सेवना करे और परमार्थ मार्ग को निम्न करें ऐसे वचन कहे, इसी को स्वयं का सयानापन और स्वच्छंद कहा जाता है। आत्मा को बाधा पहोंचानेवाले कारणों को अखंडित रखकर, परमार्थ के मार्ग (राग-द्वेष-अज्ञान रहित होना) को विस्मृत कर देते है अर्थात जो बड़े पुरुष है, वे धर्म के विषय

में घंटो बोध देंगे, किन्तु स्वच्छंद की ओर उनका ही लक्ष्य नहीं होगा और स्वच्छंद का पोषण बरोबर चालु होगा। वो स्वयं का सयानापन ही है।

स्वयं के शरीर के प्रति जीव को सबसे अधिक राग और आसक्तिभाव होता है।

संस्मरण पोथी (हाथ नोंध) १/३७ में परम कृपालु देव बताते है कि ''**जो जीव सद्गुरु की उपासना के बिना निज कल्याण के लिए आत्म स्वरूप का निर्धारण करता है वो मात्र अपने स्वच्छंद का वेदन करता है ऐसा विचार करना योग्य है।**'' सत्पुरुष की उपासना के बिना कोई भी जीव, चाहे किसी भी प्रकार से धर्म करता हो तो वो धर्म नही, स्वच्छंद का पोषण है। पुन: कहते हैं, जो आत्मज्ञानी पुरुष की उपासना नहीं की है तो स्वच्छंद समझ में नहीं आ सकता।

स्वच्छंद का अर्थ सभी जानते हो, न जानते हो यह शक्य नहीं है किन्तु पसंद है इसलिए स्वच्छंद का पोषण करते है। जो लोग बहुत अच्छा गाते है, वे सुंदर प्रकार से राग और आलाप में गाते है और स्वयं प्रसन्न भी होते है क्योंकि स्वयं के राग को भली प्रकार से लोगों को सुनाया। अब 'स्व' अर्थात 'स्वयं' और 'छंद' अर्थात जिस प्रकार से अलग अलग राग होते है, अलग अलग नाम होते है, उसे 'छंद' कहेंगे। 'छंद' अर्थात 'राग'। स्वयं का छंद अर्थात स्वच्छंद याने स्वयं का सूर, राग अथवा आसक्ति भाव, रागभाव, मोहभाव इत्यादि सब का समावेश 'स्वच्छंद' में आ जाता है। अब जो समझना है, वो है ''स्व''। ''स्व'' अर्थात कौन? जो गा रहा है वो या जो गवा रहा है वो? गवा कौन रहा है ? ''मैं'' अर्थात ''शरीर-धारी मैं''। स्वयं के शरीर के प्रति जीव को सबसे अधिक राग और आसक्ति भाव होता है। अब जो गा रहा है वो स्व कौन है? जो जीव स्वयं को शरीर समझता है, आत्मा की समझ नहीं है, वैसा ही वो 'स्व' है। जीव (जो शरीर को स्व मानता है) जब अपना राग गाता है या अपना छंद प्रस्तुत करता है। वो राग कितना शक्तिशाली होगा?

जिन जिन वस्तुओं को हम अपनी कहतें है, गहने, हीरे, मोती या कोई व्यक्ति, यहाँ पर शत प्रतिशत मेरेपने का भाव होगा ही कि 'यह मेरा है'।

जीव को अपनी देह और प्रत्येक वस्तु पर आसक्ति भाव होता है। अब देह पर जिसे राग है और जिन जिन वस्तुओं को वो अपनी मानता है, बस उनके प्रति उतना ही राग बढ़ता जाता है।

अब आंख बंद करके आधी एक मिनिट के लिये आप सोचिए कि आपको सबसे अधिक

प्रिय क्या है? बिना झूठ बोलें आत्मा या गुरु नहीं बोलियेगा, जिसका भी नाम आप दे, जड़ पदार्थ अथवा चेतन पदार्थ, आप के अन्दर से जवाब आयेगा 'यह मेरा है,' 'यह मेरा है'।

अब अगर सिर्फ इतना ही सोचें कि यह मेरा नहीं है तो क्या वह दूर चला जायेगा? तिजोरीमें से झेवर - गहने भाग जायेंगे? या अगर मन में बोले कि ये पति या पत्नि मेरी नहीं है तो वो घर छोड़ कर भाग जायेगें? आत्मा की तो कोई आवाज़ है ही नहीं, इसलिये वह कुछ बोल तो पायेगी नहीं। आत्मा को तो सिर्फ भाव ही करना है कि यह मेरी नहीं है या मेरा नहीं है बस! इस प्रकार से पुन: विचार करेंगे तो लगेगा कि उस पदार्थ कि कोई इच्छा भी नहीं होगी, हो या ना हो, आत्मा को क्या फर्क पड़ता है? अंबानी के ८०० करोड़ के महेल का विचार करीये, अब उसमें आग भी लग जाय तो क्या दु:ख लगेगा?

अब दुसरा प्रयोग यह करीये कि 'मेरा क्या नहीं है'। खूब गहराई से विचार करने है, वह वस्तु पास हो तो क्या होगा या उस वस्तु के नाश होने पर क्या होता है? बस ऐसे प्रयोग करें। आत्मा केवल भाव करता है, फिर आप देखियेगा कि कैसे राग स्वयं से ही कम होता जाता है। ऐसा करने से पदार्थ तो जैसे था वैसा ही रहता है। आपकी संपत्ती, रिश्तेदार, अत्यंत प्रिय व्यक्ति सब जैसे थे वैसे ही रहेंगे, उन्हें तो पता नहीं है इसलिये जितना प्रेम करते थे करेंगे। आपको उस प्रेम का स्वीकार कर लेना है बस और केवल मन में बोलते रहना है कि यह मेरा नहीं है, मेरे आत्मा का नहीं है, मैं चैतन्य हुँ, यह जड़ है। बस इतना ही प्रेक्टिस में लाया जाय तो बहुत ही कम समय में जमीन - आसमान का फर्क पड़ेगा।

ॐ शांति: शांति: शांति:



મહાવીર જયંતિ

આપણા ચોવીસમાં તીર્થંકર ભગવાન મહાવીરની જન્મ જયંતિ શ્રીમદ્ રાજચંદ્ર આત્મતત્વ રીસર્ચ સેન્ટર, મુંબઈ દ્વારા પૂજ્યશ્રી પ્રેમઆચાર્યશ્રીની દિવ્ય ઉપસ્થિતિમાં તા. ૧૩/૪/૨૦૧૪ના ઉલ્લાસપૂર્ણ રીતે ઉજવવામાં આવી.

સાંજના ૭ વાગે 'સ્પર્શ'ના કલાકારો દ્વારા હૃદયસ્પર્શી ભક્તિથી શરૂ થયેલો કાર્યક્રમ પૂજ્યશ્રીના પત્રાંક-૬૮૦ના વિવેચનથી પૂર્ણ થયો. આ પત્ર પરમ કૃપાળુ દેવે માત્ર અને માત્ર પોતાના અંગત ભાવો માટે લખ્યો હોવાથી ઘણા વર્ષો સુધી છાપવામાં આવ્યો ન હતો. ૨૯ વર્ષની વયે, મહાવીર જયંતિના શુભ દિવસે ભગવાન મહાવીરનો ભવ્ય વરઘોડો નીકળ્યો હતો જે પરમ કૃપાળુ દેવે પહેલા માળેથી જોયો હતો. ભગવાન મહાવીરની અંતરંગ દશાની જેમને કોઈને જાણ ન હતી, મહાવીરના અંતરંગ પુરુષાર્થને જેમણે જાણ્યો ન હતો એવા લોકો મહાવીરની મૂર્તિને રથમાં બેસાડી નાચતા - કૂદતા, ઉત્સાહથી વરઘોડામાં જતાં હતા એ જોઈને શ્રીમદ્નું હૃદય અત્યંત કરૂણાથી આદ્ર બની ગયુ અને પોતાના અંગત ભાવો વ્યક્ત કરતા આ પત્ર લખ્યો હતો.

૨૯ વર્ષની વયે જ્યારે ક્ષાયિક સમકિતની પ્રાપ્તિ થઈ ગઈ હતી ત્યારે પરમ કૃપાળુ દેવ અંતરંગથી સાક્ષાત મહાવીર જેવા જ હતા. અખંડપણે આત્મસ્વરૂપમાં રમણતા હોવાથી મોક્ષની ઈચ્છા પણ જેમની નિવૃત્ત થઈ ગઈ હતી એને ઈશ્વર કંઈ આપવા ધારે તો પણ શું આપી શકે ? આત્માની છેવટની દશાનો અનુભવ જ્યારે થતો હોય એ વખતે પરમ કૃપાળુ દેવે પોતે વિદીત કરેલું હતું કે મહાવીરમાં અને અમારામાં કોઈ ફરક નથી, માત્ર પહેરણ સિવાય; મહાવીર દિગંબર હતાં અને અમે પહેરણ પહેર્યું છે. જે અદ્ભુત દશા સિદ્ધાલયમાં ભગવાન મહાવીર ભોગવી રહ્યા હતાં એવી જ અભેદ દશામાં પરમ કૃપાળુ દેવનો નિવાસ હતો. તેથી કલ્યાણનો ખરેખરો માર્ગ શું છે એ કૃપાળુ દેવ જાણતા હતા અને તેથી ધર્મને નામે ભ્રાંતિગતપણે થતી ક્રિયાથી તેઓ અત્યંત વિચલીત હતા. મોટાભાગના જૈનો જે મહાવીરને



પૂજે છે તે તેમનો કલ્પનાનો ઈશ્વર છે. ધર્મના નામે જીવ પોતાનું માન જ પોષે છે અને ફરી ફરી સંસાર જ માંગે છે.

સાક્ષાત પ્રત્યક્ષ મહાવીરની દશાવાળા પરમ કૃપાળુ દેવ હાજર છે, દેહધારી છે તેથી બીજાને પમાડી શકે એવા છે, એને સમજવાનો પ્રયત્ન પણ ન થતો હોય અને જીવ પોતે માની લીધેલા મહાવીરને, એની પ્રતિમાને પૂજે છે એ દૃશ્ય જોઈને શ્રીમદ્નું હૃદય અત્યંત કરૂણાવશ થઈ ગયું હતું. આવા દુષમ કળિકાળમાં અપવાદરૂપ કૃપાળુ દેવ જનમ્યા અને મહાવીર જેવી દશા પ્રાપ્ત કરી. એમની દશા કેટલી અદ્ભુત હતી એ જો સમજવાનો પ્રયત્ન થાય તો ચોક્કસ એમના જેવી દશા પ્રાપ્ત થાય. કષાયોની મંદતા કંઈ રીતે કરી શકાય એ પણ સમજવામાં જરૂરથી આવે, આત્માનું કલ્યાણ થાય.



ભૂતકાળના મહાવીરને ઓળખતા નથી, વર્તમાનના મહાવીરને ઓળખવાની તાલાવેલી નથી અને ભ્રાંતિગતપણે ભૂતકાળની ભૂલોને રીપીટ કરતાં આવીએ છીએ. બસ, આટલી સત્સમજણ જો આપણા જેવા જીવોને આવી જાય તો પણ નિશ્ચયપણે કલ્યાણ થશે.

મહાવીર જયંતિના આ શુભ અવસરે સેન્ટર દ્વારા **'સતશ્રુત ૩ પી'** નું પૂજ્યશ્રીના હસ્તે વિમોચન થયું. 'સત્શ્રુત ૩ પી' એટલે જ્ઞાનીની વાણી, જ્ઞાનીના વચનો ચોવીસે કલાક આપણી સાથે, આપણી પાસે, આપણા સમયે હાજર રહે એવું આધુનીક ટેક્નીકલ ઉપકરણ. સેટ ટોપ બોક્સ જેવા આ ઉપકરણના ઉપયોગ દ્વારા પૂજ્યશ્રીના શરૂઆતના વર્ષોથી લઈને આજ દિવસ સુધીના સત્સંગ - સત્વચનોનું સત્શ્રુત શ્રવણ આપણે કરી શકીશું. આપણા મુમુક્ષુઓ માટે સતત જ્ઞાનીની સાથે હોવાની લાગણીનો અનુભવ આના દ્વારા થતો રહેશે. ◆

પ્રશ્નોત્તરી

Questions from Aspirants



Q પરમ કૃપાળુ દેવે સોભાગભાઈને ઈડરમાં એવો શું બોધ આપ્યો કે તે થકી એમણે દેહ અને આત્મા બે ફાટફાટ જુદા અનુભવ્યા ?

આત્માના છ પદનો. આત્મસિદ્ધિશાસ્ત્રમાં કૃપાળુ દેવે ''આત્મા છે''અને ''નિત્ય છે'' એ જે બે પદ લખ્યા છે એનું બળવાનપણુ કરાવ્યું છે. જેવી રીતે લખેલું છે એનાથી વિશેષ રીતે કરાવેલું ન હોઈ શકે. સોભાગભાઈ પૂર્વના આરાધક જીવ હતા અને પરમ કૃપાળુ દેવ સાથે એક-બે ભવથી સાથે જ દીક્ષા પણ લીધેલી હતી એટલે એટલી યોગ્યતા હતી કે થોડામાં ઝાઝું સમજી જતાં હતાં. આ કાળે અત્યારે સો વર્ષ પછી જીવોની એવી યોગ્યતાની કચાશ હોય એટલે જે રીતે આ છ પદને સમજવા જોઈએ એ સમજવામાં વાર લાગતી હોય, અથવા બાહ્યથી, શબ્દથી જાણતાં હોય પણ અંતરંગમાં હૃદયથી આત્માને સ્પર્શ થાય એ રીતે એનું વેદન ન થતું હોય, ઉંડાણથી ચિંતન-મનન ન થતું હોય તો આત્મા ફાટફાટ ન લાગે એ સ્વાભાવિક છે. કહેવાનું તાત્પર્ય એ છે કે કોઈ એક વાક્ય લખેલું હોય એ વાક્ય લાખો લોકો વાંચે તો પણ કલ્યાણનું કારણ ન થાય. એનાથી વિશેષ બોધ તો ભગવાન મહાવીરે એમના દ્વાદશાંગીમાં આપ્યો છે. આજે ૨૫૦૦ વર્ષથી મહાન આચાર્યોએ બધા શાસ્ત્રો વાંચ્યા પણ કોઈને કલ્યાણનું કારણ થયું નથી. જ્ઞાનીના વચન હૃદયમાં કેવી રીતે ઉતારવા અને કેવી રીતે ઉતરી જાય એ જીવ એકલો



Answers by the Enlightened One

સમજી શકે, બીજું કોઈ નહીં. જ્ઞાની હોય કે મા, તે બહુ બહુ તો કોળિયો મોઢામાં આપી શકે, પણ ચાવીને ગળે તો જીવે પોતે જ ઉતારવો પડે. ગળે ઉતરી ગયા પછી પચાવવાનું કામ એ જીવે એકલાએ જ કરવું પડે. જે લોકોને ગળે ઉતારતા આવડે અને પચાવતા આવડે એ સોભાગભાઈનો પુરુષાર્થ જાણી શકે.

Q શું રાગદ્વેષ ઓછા કરવાથી આત્મભાવની વૃદ્ધિ થાય છે ? કે આત્મભાવની વૃદ્ધિ કરવાથી રાગદ્વેષ ઓછા થાય છે ?

રાગદ્વેષ ઓછા કરવાનો ગમે તેટલો પુરુષાર્થ થાય પણ રાગદ્વેષ ઓછા થવાના નથી કારણ કે જ્ઞાન નથી. ઉપશમ કરીને રાગદ્વેષ ઓછા થશે તો એ પાછા ઉછળશે એટલે રાગદ્વેષ ઓછા કરવાનો પુરુષાર્થ કરવા કરતાં આત્મભાવમાં રહેવાનો પુરુષાર્થ કરવાનો છે. જો આત્મા ઓળખાઈ ગયો તો રાગ કોની ઉપર કરશે અને દ્વેષ કોની ઉપર કરશે; થઈ જાય તે અલગ વાત છે. જ્યાં સુધી ઉચ્ચ દશા નથી ત્યાં સુધી એક ભવ કે બે ભવ સુધી એ ઉપશમ થયેલા જ હશે; પણ જીવને અનંતાનુબંધીનો કષાય નહીં હોય, જે હશે તે ઉપશમ અથવા ક્ષયોપક્ષમિક હશે. સહુથી પહેલો પુરુષાર્થ આત્માને ઓળખવાનો કરવાનો છે. આત્મા જો ઓળખાઈ જશે તો ખોટું કરશે નહીં.

Q પૂર્વે કરેલા પાપકર્મની ક્ષમાપના કેવી રીતે થાય છે ? પૂર્વ કર્મ જે કરી લીધા છે એની ક્ષમાપના કેવી રીતે માંગુ ?

પૂર્વ કર્મ જે તમે કર્યા છે તે આજે તો યાદ નથી. આજે જે કર્મ ઉદયમાં આવે છે અને જે અશુભ છે એ કર્મની ક્ષમાપના માંગો અને પછી એટલું બોલી દો કે, મને યાદ નથી પણ આ જે કર્મ ઉદયમાં આવ્યા એ કર્મનું જ્યારે બંધન થયું ત્યારે આવી ભૂલ, આવી વાત થઈ હશે. તો આજથી લઈ પહેલાના કેટલાય જન્મો સુધીના આ રીતના જે કર્મ છે એ બધા જ કર્મની પ્રભુ આપની સાક્ષીએ ક્ષમાપના કરું છું ◆



વર્તમાન અને આગામી ચોવીસીના તીર્થંકરો



	ભરતક્ષેત્ર વર્તમાન ચોવીસી	ભરતક્ષેત્ર આગામી ચોવીસી	ઐરાવતક્ષેત્ર વર્તમાન ચોવીસી	ઐરાવત ક્ષેત્રની આગામી ચોવીસી
૧.	ઋષભદેવ	મહાપદ્મ	સુચંદ્ર	સુમંગલ
૨.	અજીતનાથ	સૂરદેવ	અગ્નિસેન	સિદ્ધાર્થ
૩.	સંભવનાથ	સુપાર્શ્વ	નંદીસેન	નિર્વાણ
૪.	અભિનંદન	સ્વયંપ્રભ	ઋષિદત્ત	મહાયશ
૫.	સુમતિનાથ	સર્વાનુભૂતિ	સોમચંદ્ર	ધર્મધ્વજ
૬.	પદ્મપ્રભુ	દેવશ્રુત	યુક્તિસેન	શ્રીચંદ્ર
૭.	સુપાર્શ્વનાથ	ઉદય	અજિતસેન	પુષ્પકેતુ
૮.	ચંદ્રપ્રભુ	પેઢાલપુત્ર	શિવસેન	મહાચંદ્ર
૯.	સુવિધિનાથ	પોટ્ટિલ	બુદ્ધ	શ્રુતસાગર
૧૦.	શીતલનાથ	શતકીર્તિ	દેવશર્મ	સિદ્ધાર્થ
૧૧.	શ્રેયાંસનાથ	મુનિસુવ્રત	નિક્ષિપ્ત શસ્ત્ર	પૂર્ણઘોષ
૧૨.	વાસુપૂજ્ય	સર્વભાવવિત	અસંજવલ	મહાઘોષ
૧૩.	વિમળનાથ	અમમ	જિનવૃષભ	સત્યસેન
૧૪.	અનંતનાથ	નિષ્કષાય	અનંત	સૂરસેન
૧૫.	ધર્મનાથ	નિષ્પુલાક	ઉપશાંત	મહાસેન
૧૬.	શાંતિનાથ	નિર્મમ	ગુપ્તસેન	સર્વાનંદ
૧૭.	કુંથુનાથ	ચિત્રગુપ્ત	અતિપાર્શ્વ	દેવપુત્ર
૧૮.	અરનાથ	સમાધિગુપ્ત	સુપાર્શ્વ	સુપાર્શ્વ
૧૯.	મલ્લીનાથ	સંવર	મરુદેવ	સુવ્રત
૨૦.	મુનિસુવ્રત	અનિવૃત્તિ	ધર	સુકોશલ
૨૧.	નમિનાથ	વિજય	શ્યામકોષ્ઠ	અનંતવિજય
૨૨.	નેમનાથ	વિમલ	અગ્નિસેન	વિમલ
૨૩.	પાર્શ્વનાથ	દેવોપપાત	અગ્નિપુત્ર	મહાબલ
૨૪.	મહાવીરસ્વામી	અનંતવિજય	વારિષેણ	દેવાનંદ

પત્રોની પાંખે

નિજી ભાવોને વ્યક્ત કરતા પરમાર્થિક પ્રશ્નોનાં નિરાકરણ માટે પરમ પૂજય પ્રેમઆચાર્યજી સંબોધિત લખાયેલા જુદા જુદા મુમુક્ષુઓના પત્રોનાં જવાબમાં તેઓશ્રીના ઉત્તર રૂપી પત્રોની આ શૃંખલામાં તેમની નિષ્કારણ કરુણા અને પ્રેમસ્વરૂપ સહજ સ્વભાવના દર્શન થયા વગર રહેતા નથી. ચર્મચક્ષુથી વંચાતા એમના ગુજરાતી ભાષાના સાદા સીધા લાગતા શબ્દોને જો આત્મચક્ષુથી ઉકેલવામાં આવે તો અપરંપાર એવું આત્મત્વ ભરેલું દષ્ટિગોચર થયા વગર નથી રહેતું અને દંગ બની આશ્ચર્યચક્તિ થઈ ''અહો ! અહો ! શ્રી સદ્‌ગુરુ, કરુણાસિંધુ અપાર; આ પામર પર પ્રભુ કર્યો, અહો ! અહો ! ઉપકાર.'' એ પરમ કૃપાળુ દેવનાં વચનો જીવ વેદ્‌યા વગર નથી રહી શકતો.



નહીં ગ્રંથમાંહી જ્ઞાન ભાખ્યું,
જ્ઞાન નહીં કવિચાતુરી,
નહીં મંત્ર તંત્રો જ્ઞાન દાખ્યાં,
જ્ઞાન નહીં ભાષા ઠરી;
નહીં અન્ય સ્થાને જ્ઞાન ભાખ્યું,
જ્ઞાન જ્ઞાનીમાં કળો,
જીનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો.

તનસેં, મનસેં, ધનસેં, સબસેં,
ગુરુદેવકી આન (આજ્ઞા) સ્વ આત્મ બસેં;
તબ કારજ સિદ્ધ બને અપનો,
રસઅમૃત પાવહી પ્રેમ ઘનો.
પરમ પુરુષ પ્રભુ સદ્‌ગુરુ, પરમ જ્ઞાન સુખધામ;
જેણે આપ્યું ભાન નિજ, તેને સદા પ્રણામ.

ભદ્રિક ભાઈશ્રી તથા અ.સૌ. બેન,

તમારો માયાળુ પત્ર મળ્યો, વાંચી આનંદ. ઘણા ઘણા સમય પછી તમને પત્ર લખું છું. દરમિયાન તમારા ઘણા પત્રો મળ્યા છે. છતાં પત્ર મળ્યાની પહોંચ પણ નથી લખી શક્યો, તો પછી પત્રના વિગતવાર જવાબનું પૂછવું જ શું ?

તમારાથી ખાસ વાંચન નથી થઈ શકતું અને તેના કારણે ઘણીવાર પ્રશ્ન થાય શું વાંચન વગર આગળ વધાશે ? વળી ક્યારેક બીજાઓની સલાહ સુચનો મળે, આમ કરશો અને આમ ન કરશો ત્યારે પણ મૂંઝવણ થાય મન તો ''આમ જ'' વર્તવા જણાવે છે જ્યારે બીજા તેનાથી જુદી રીતે કહે છે વગેરે.

જ્ઞાન એટલે આત્મજ્ઞાન. જે આત્મજ્ઞાન થતાં જીવને સંસારના સર્વજ્ઞાનની પ્રાપ્તિ થાય છે અને આગળ વધતાં જેની અંદર સમસ્ત જગત સમાઈ જાય તેવું કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે. તેવા જ્ઞાનની પ્રાપ્તિનો સરળ ઉપાય પરમ કૃપાળુ દેવે ઉપરના પદમાં જણાવ્યો છે. તેવું જ્ઞાન પુસ્તકમાંથી, ગ્રંથમાંથી, સૂત્ર કે શાસ્ત્રથી પ્રાપ્ત નથી થતું. કવિને શીઘ્ર કાવ્ય લખતાં આવડે અને અનેક પ્રકારે મોટી વાતને નાના પદમાં સમાવી આપે તો પણ ત્યાં જ્ઞાન નથી કે ત્યાંથી જ્ઞાનની પ્રાપ્તિ નથી. તેવી જ રીતે મંત્ર-તંત્ર વિગેરે જેને આવડતા હોય અને તેના કારણે કંઈ ફળ પ્રાપ્તિ થાય તો પણ તે જ્ઞાન નથી, તેમજ તે જ્ઞાન-આત્મજ્ઞાનની પ્રાપ્તિનું કારણ નથી. ભાષા ઉપર સરસ કાબુ હોય તો ત્યાં પણ જ્ઞાન નથી, તેમજ આત્મજ્ઞાનની પ્રાપ્તિનું કારણ નથી. આમ વિચારી જોતાં જણાશે આત્મજ્ઞાન (જેમાં પરંપરાએ જગતના સર્વ જ્ઞાન સમાયેલા છે) કોઈપણ બીજી જગ્યાએ સંભવિત નથી પરંતુ જ્ઞાની પાસે છે, અને તેમની પાસેથી 'કળો' કળથી મેળવો. આત્મનિષ્ઠ - આત્મજ્ઞપુરુષ પાસેથી પ્રાપ્ત થયેલ જ્ઞાનને શ્રી જિન ભગવાને, વીતરાગ ભગવાને યથાર્થ જણાવ્યું છે. તેને જ જીનવર ભગવાન જ્ઞાન કહે છે. માટે જ્ઞાની ઉપરની અપરંપાર 'શ્રદ્ધા'માં ને શ્રદ્ધામાં સર્વ જ્ઞાન પ્રાપ્ત થાય છે. તેમજ સમજો. પરમ કૃપાળુ દેવના તે આશયના અનેક અવતરણોમાંથી થોડાં આપું છું.

''જે જે સાધન આ જીવે પૂર્વકાળે કર્યા છે, તે સાધન જ્ઞાની પુરુષની આજ્ઞાથી થયા જણાતાં નથી, એ વાત અંદેશા રહિત લાગે છે. જો એમ થયું હોત તો જીવને સંસાર પરિભ્રમણ હોય નહીં. જ્ઞાનીપુરુષની આજ્ઞા છે તે ભવમાં જવાને આડા પ્રતિબંધ જેવી છે, કારણ જેને આત્માર્થ સિવાય બીજો કોઈ અર્થ નથી, અને આત્માર્થ પણ સાધી

પ્રારબ્ધવસાત્ જેનો દેહ છે એવા જ્ઞાનીપુરુષની આજ્ઞા તે ફક્ત આત્માર્થમાં જ સામા જીવને પ્રેરે છે.''

''જીવના પૂર્વકાળના બધા માઠાં સાધન, કલ્પિત સાધન મટવા અપૂર્વ જ્ઞાન સિવાય બીજો કોઈ ઉપાય નથી અને તે અપૂર્વ વિચાર વિના ઉત્પન્ન થવા સંભવ નથીઃ અને તે અપૂર્વ વિચાર અપૂર્વ પુરુષના આરાધન વિના બીજા ક્યા પ્રકારે જીવને પ્રાપ્ત થાય. એ વિચારતાં એમ જ સિદ્ધાંત થાય છે કે જ્ઞાનીપુરુષની આજ્ઞાનું આરાધન એ સિદ્ધપદનો સર્વશ્રેષ્ઠ ઉપાય છે.''

''મણી (સોભાગભાઈના પુત્ર) એક જ વૃત્તિએ એ વાક્યોને આરાધશે અને તે જ પુરુષની આજ્ઞામાં લીન રહેશે, તો અનંતકાળથી પ્રાપ્ત થયેલ પરિભ્રમણ મટી જશે.''

''ઘણા ઘણા પ્રકારથી મનન કરતાં અમારો (પરમ કૃપાળુ દેવનો) દ્રઢ નિશ્ચય છે કે ભક્તિ એ સર્વોપરી માર્ગ છે, અને તે સત્પુરુષના ચરણ સમીપ રહી થાય તો ક્ષણવારમાં મોક્ષ કરી દયે તેવો પદાર્થ છે.''

''સત્‌ની પ્રાપ્તિ અર્થે જ્ઞાનીને શરણે જવું.''

''જ્ઞાનીને વિશે અખંડ વિશ્વાસ તે નિશ્ચય મુક્તપણું, મોક્ષ છે.''

''જ્ઞાની પુરુષ પ્રત્યે અભિન્ન બુદ્ધિ થાય, એ કલ્યાણ વિશેનો મોટો નિશ્ચય છે, એવા સર્વ મહાત્મા પુરુષોનો અભિપ્રાય જણાય છે.''

તન, મન, ધન એ બધાથી ગુરુની આજ્ઞાનું મહાત્મ્ય જ્યારે વિશેષ લાગે, ''સ્વઆત્મ બસે'' આત્મામાં બળવાનપણે પરિણામ પામે ત્યારે જ કાર્ય (આત્મજ્ઞાનનું) પૂરું થાય. અનન્ય પ્રેમે, ઉલ્લાસિત ભાવે જ્ઞાનીની આજ્ઞા આરાધાય ત્યારે કામ સરે છે અને અમૃતરસ, સુધારસ (જે જ્ઞાન પ્રાપ્ત થયે વહે છે), પ્રેમ રસ ઘણો ઘણો મળી રહે છે. પીવા મલે છે. આત્મરસના ભોગી થાય છે. જે સર્વ માટે આજ્ઞાપાલન અગત્યનું છે.

આમ સર્વ પ્રકારની સિદ્ધિ માટેનો એક જ ઉપાય બતાવ્યો.

લિ. આત્માર્થી. ◆

બાર ભાવના

સંકલન - હર્ષા શાહ, મુંબઈ

શ્રી તીર્થંકર પ્રભુએ જીવ ને વૈરાગ્ય તરફ વાળતી અને થયેલા વૈરાગ્યને દૃઢ કરે એવી બાર ભાવનાઓ સમજાવી છે. આ ભાવનાઓને વિસ્તારથી સમજાવવાનો પ્રયત્ન શ્રી કુંદકુંદાચાર્ય, શ્રી હેમચંદ્રાચાર્ય જેવા અનેક સમર્થ આચાર્યોએ કર્યો છે. પરંતુ એમના ગ્રંથોની ભાષા માગધી કે સંસ્કૃત હોવાને લીધે સામાન્ય જનને સમજવામાં તે મુશ્કેલ લાગે. આથી સામાન્ય જન પણ સમજી શકે તેવી સરળ ભાષામાં બાર ભાવનાઓ ઉતારવાનો વિચાર શ્રીમદ્ રાજચંદ્રજીને આવ્યો.

પંદર-સોળ વર્ષની આસપાસ શ્રીમદ્ રાજચંદ્રજીએ કેટલાય આગમો, અન્ય જૈન ગ્રંથો તથા અન્ય ધર્મના પુસ્તકોનું અવલોકન કર્યું હતું. આથી તેમની રૂચિ જૈનધર્મ તરફ વિશેષ હતી. આટલી નાની ઉંમરમાં તેમનું શાસ્ત્રજ્ઞાન ઘણું ઘણું વધતું જતું હતું.

સોળ વર્ષની ઉંમરે શ્રીમદ્ રાજચંદ્રજીએ 'મોક્ષમાળા' નામના ગ્રંથની રચના કરી, પરંતુ તે પુસ્તક છપાવવા માટે નાણાની જરૂરત હતી. આથી અગાઉથી ગ્રાહકોની નોંધણી કરી નાણાની સગવડ કરી. તે પુસ્તક છપાવવા આપતા તેમને ખ્યાલ આવ્યો કે છપાતા તો લાંબો સમય નીકળી જશે. ગ્રાહકો નોંધ્યા પછી લાંબા સમય સુધી (મોક્ષમાળા) પુસ્તક ન આપી શકાય તો તે અયોગ્ય ગણાય. આથી અગાઉથી નોંધણી થયેલા ગ્રાહકોની જિજ્ઞાસા સંતોષવા તેમણે એક નાનું પુસ્તક ઝડપથી છપાવી મોક્ષમાળાના ગ્રાહકોને ભેટરૂપે આપી એ દ્વારા ગ્રાહકોની જ્ઞાનપિપાસા સંતોષવાનો એક સફળ પ્રયત્ન કર્યો. એ નાનું પુસ્તક તે 'ભાવના બોધ' અર્થાત બાર ભાવનાઓ.

શ્રીમદ્ રાજચંદ્રજીએ સમંતભદ્રાચાર્ય રચિત 'રત્નકરંડ શ્રાવકાચાર'માં વર્ણવેલી બાર ભાવનાઓનો ગુજરાતીમાં અનુવાદ કર્યો અને જીજ્ઞાસુ જીવોને 'ભાવના બોધ' નામનું પુસ્તક મળ્યું. તેના અનુસંધાનમાં અનેક તત્વચિંતકોએ, મુનિઓએ પણ બાર ભાવનાઓ વિશે લખેલું છે. તેના સારરૂપે આપણે પણ બાર ભાવનાઓને સમજવાનો પ્રયત્ન કરીએ.

પ્રસ્તાવના

આ જીવન એક મહાન વિકટ પ્રશ્ન છે. એનો ઉદ્દેશ શો ? અને એનું સાફલ્ય કંઈ રીતે સાધી શકાય એ બન્ને બાબતોનો નિકાલ કરવો એ ઘણો અઘરો પ્રશ્ન છે. જીવનની સફળતા સાધવા માટે જીવ અનેક પ્રકારના પ્રયત્નો કરે છે, અનેક જાતની દોડાદોડી કરે છે. પણ ઘણીવાર તો તે શેના માટે કરે છે એનો ખ્યાલ પણ હોતો નથી.

અંતરઆત્માને પૂછીએ કે આ સર્વ દોડાદોડી શેના માટે ? કોના માટે ? કેટલા વખત માટે ? અને પરિણામે મેળવવાનું શું ? સોમાંથી નવ્વાણું લોકો આનો જવાબ જાણતા નથી, વિચારતા નથી, સમજતા નથી તેમજ સમજવા પ્રયત્ન પણ કરતા નથી.

જે લોકો આત્માને જ ઓળખતા નથી તેઓ આ બાબતે સ્પષ્ટ ખ્યાલ વગરના છે. તેઓને પોતાનું આત્મગૌરવ શું અને કેવું ? તે પણ ખબર નથી.

સંસારમાં દરેક જીવને સુખ મેળવવાની ઈચ્છા તો હોય છે, પરંતુ દરેક જીવની સુખની વ્યાખ્યા જુદી જુદી હોય છે. કોઈ ખાવા-પીવા અને હરવા-ફરવામાં સુખ માને છે, કોઈ નિત-નવા કપડાં ઘરેણા ખરીદવા - પહેરવામાં સુખ માને છે, કોઈ ભ્રમરની જેમ સ્ત્રીઓમાં રમણ કરવામાં સુખ માને છે, કોઈ ગાવામાં તો કોઈ ગાયનો સાંભળવામાં સુખ માને છે. તેઓ સંસારમાં જ સુખ માની તે મેળવવા પ્રયત્ન કરે છે.

ખરેખર હકીકત એ છે કે તે દેખાતા સુખની પાછળ દુઃખ હોવાથી તે સાચું સુખ નથી એવી વિવેક બુદ્ધિ તેમનામાં હોતી નથી. પરિણામે તેઓ શોકને પામે છે. ત્યારે વિવેકબુદ્ધિવાળા જ્ઞાનીઓ ''પશ્ચાત દુઃખ તે સુખ નહીં'' એ સિદ્ધાંત અનુસાર સંસારસુખની દરેક સામગ્રીને દુઃખરૂપ જણાવે છે. આથી જ અનેક ચક્રવર્તીઓએ સંસારના પ્રત્યેક સુખની પ્રાપ્તિ હોવા છતાં સત્ય તત્વજ્ઞાનની પ્રાપ્તિ થતાં સંસારના ત્યાગને પરમાનંદ માન્યો છે.

હવે એવું સુખ શોધીએ કે જે હંમેશને માટે ટકી રહે અને એની પાછળ દુઃખ જેવી સ્થિતિ કદી ન થાય. એ સુખ બહાર નથી પણ આત્મામાં છે. જે સુખ આત્મામાં જ છે તે આત્માથી અલગ એવા દેહ, પરપદાર્થ, પરિગ્રહ, સગાસંબંધી વગેરેમાંથી ક્યાંથી મળે ? ક્યારેય ન મળે.

આત્માથી જેટલું પર તેટલું પારકું જ છે. આથી સર્વભાવ છોડી દઈ વસ્તુ, ધન, વ્યક્તિ ઉપર કોઈ જાતનો આધાર ન રાખીએ તો જ સુખની જે વ્યાખ્યા જ્ઞાની પુરુષોએ કરી છે તેની પ્રાપ્તિ તરફ આપણું પ્રયાણ થાય.

સુખની પ્રાપ્તિ માટે આ પ્રકારની વિચારણાને 'ભાવના' કહેવામાં આવે છે. જીવનમાં 'ખરા સુખ'ની પ્રાપ્તિ ને માર્ગે ચઢવા માટે આ આંતરવિચારણા ઘણી અગત્યની છે. આ વિચારણામાં 'આત્મા' છે, આત્મા શાશ્વત છે. તેના પર કર્મના આવરણો આવી ગયા છે પણ પ્રયત્નોથી તે દૂર કરી શકાય છે. તે કર્મો દૂર થાય ત્યારે આત્મા તેના મૂળ સ્વરૂપે રજૂ થાય અને આ સ્થિતિમાં ખરા સુખનો સાક્ષાત્કાર થાય. આમ વાસ્તવિક સાચું સુખ તો આત્મિક આનંદમાં છે. એ ચિર-સ્થાયી છે. તેને પશ્ચાત દુઃખ નથી. આ સંસારબંધનથી આત્માને મુક્ત કરવામાં આવે તો સાચા સુખની પ્રાપ્તિ થાય. તે આ **'બાર ભાવનાઓ'** દ્વારા પ્રાપ્ત થઈ શકે છે.

ભાવનાઓ વડે જીવ વૈરાગ્યના રંગે રંગાય છે. તેનામાં વિવેક જાગે છે. તે કૂણો પડે છે. કષાયો અને વિષયો રોકવા પુરષાર્થ કરે છે. આમ અખંડ સુખની પ્રાપ્તિ માટે નીચેની ભાવનાઓ ભાવી પુરુષાર્થ કરવાથી સંસારમાંથી મુક્તિ સહજ થશે.

૧. અનિત્ય ભાવનાઃ પદાર્થના સયોગ-સંબંધ સર્વે થોડા-વખત માટેના છે, અનિત્ય છે. શરીર, વૈભવ, લક્ષ્મી, કુટુંબ સર્વે વિનાશી છે એમ ચિંતવવું તે અનિત્ય ભાવના.

૨. અશરણ ભાવનાઃ મરણથી કે તીવ્ર કર્મ ઉદયથી કોઈ બચાવનાર નથી. માત્ર એક શુભ ધર્મનું શરણ સત્ય છે એમ ચિંતવવું તે અશરણ ભાવના.

૩. સંસાર-ભાવનાઃ ચારગતિરૂપ સંસાર દુઃખોનો ભંડાર છે. એ દુઃખમય સંસારી જંજીરોથી ક્યારે છૂટીશ ? એમ ચિંતવવું તે સંસાર ભાવના.

૪. એકત્વ ભાવનાઃ આ આત્મા એકલો આવ્યો છે અને એકલો જ જવાનો છે અને પોતે કરેલા કર્મો પોતે એકલો ભોગવશે એમ ચિંતવવું તે એકત્વ ભાવના.

૫. અન્યત્વ ભાવનાઃ આ આત્મા, દેહ આદિ સર્વ પદાર્થથી ભિન્ન છે, અન્ય છે. આ સંસારમાં કોઈ કોઈનું નથી એમ ચિંતવવું તે અન્યત્વ ભાવના.

૬. અશુચિ ભાવનાઃ આ શરીર અપવિત્ર પદાર્થોથી ભરેલું છે. એ શરીરથી હું ન્યારો છું એમ ચિંતવવું તે અશુચિ ભાવના.

૭. આશ્રવ ભાવનાઃ રાગદ્વેષ, અજ્ઞાન, મિથ્યાત્વ આદિ સર્વ આશ્રવ છે એમ ચિંતવવું તે આશ્રવ ભાવના.

૮. સંવર ભાવનાઃ આવતા કર્મોને રોકી રાખવાના માર્ગોની વિચારણા. જ્ઞાન-ધ્યાનમાં જીવ નવા કર્મો બાંધે નહીં તે ચિંતવવું તે સંવર ભાવના.

૯. નિર્જરા ભાવનાઃ બાંધેલા કર્મોને ખપાવવાના માર્ગે જ્ઞાન સહિત ક્રિયા કરવી તે નિર્જરાનું કારણ છે એમ ચિંતવવું તે નિર્જરા ભાવના.

૧૦. લોકસ્વરૂપ ભાવનાઃ ચૌદ રાજલોકનું સ્વરૂપ વિચારવું તે લોકસ્વરૂપ ભાવના.

૧૧. બોધ દુર્લભ ભાવનાઃ સંસારમાં રત્નત્રયની પ્રાપ્તિ, સર્વવિરતીરૂપ ધર્મ પામવો દુર્લભ છે એમ ચિંતવવું તે બોધદુર્લભ ભાવના.

૧૨. ધર્મદુર્લભ ભાવનાઃ ધર્મના ઉપદેશક અને સાચા ગુરુનું ધર્મશ્રવણ મળવું દુર્લભ છે એમ ચિંતવવું તે ધર્મદુર્લભ ભાવના.

આ ભાવનાઓ વિચારી સત્ય સ્વરૂપ સમજવાનું છે, આદરવાનું છે. આપણો મોક્ષ આપણે જ કરી શકીએ છીએ. એ વાત વારંવાર લક્ષમાં રાખી પુરુષાર્થ કરવાનો છે. તે માટે જ આ વિચારણા છે.

વિસ્તારથી દરેક ભાવનાઓ આવતા અંકોમાં.◆

અખાના છપ્પા

હેતલ દોશી, મુંબઈ

પાછલા અંકમાં ભજનનો મહિમા સમજાવતાં, શ્રી અખાજી કહે છે કે જે જીવ ભજનના પ્રતાપે પોતાના અસ્તિત્વને પ્રભુમાં ભેળવી દે છે, એ પ્રભુ થઈ જાય છે. બાકી મોઢેથી ભજન ગવાય અને મન વેપાર, સ્ત્રીકથા, રાજકથા, દેશકથા અને ભોગકથા કે બાહ્ય પ્રવૃત્તિના વિચારોમાં હોય તો જીવ માત્ર ''હું ભજન કરું છું'' અથવા લોકોમાં પોતે કેવો મહાન ભક્ત છે એ કહેવડાવવામાં રહી જાય છે.

આંધળો સસરો ને સરંગટ વહુ, કથા સાંભળવા ચાલ્યા સહુ.
કહ્યું કાંઈને સમજ્યા કશું, આંખનું કાજળ ગાલે ઘસ્યું;
ઊંડો કૂવો ને ફાંટી બોખ, શીખ્યું સાંભળ્યું સર્વે ફોક... (૩)

''કથા સુણી સુણી ફુટ્યા કાન તોય ન આવ્યું બ્રહ્મજ્ઞાન'' માં અખાજીએ કહ્યું કે જીવે કાન ફૂટી જાય એટલી વખત મહાન પુરુષોની જીવન કથા, મહાન પુરુષના મુખથી સાંભળી છતાં જીવને બ્રહ્મજ્ઞાન અર્થાત્ આત્મજ્ઞાન પ્રાપ્ત ન થયું. આ છપ્પામાં એજ વાત, આંધળા સસરા અને સરંગટ અર્થાત્ ઘૂમટો કાઢેલી વહુના ઉદાહરણ દ્વારા વિશેષ સમજાવે છે.

'આંધળો સસરો' અર્થાત્ લૌકીક દૃષ્ટિથી જે દૃષ્ટિહીન છે તે. બાહ્ય જગતને ચર્મચક્ષુથી જોઈ નથી શકતો એમ જેણે પૂર્વના સંસ્કારના કારણે ધર્મની ચૂસ્ત માન્યતાઓ, આગ્રહો, પોતાના મતો દૃઢ કરેલા છે એજ મનમાં રાખી, વિવેક દૃષ્ટિ બંધ કરી, અજ્ઞાનરૂપ અંધકારને જ પોષે છે. એવા જીવ જ્યારે કથા સાંભળવા જાય છે ત્યારે વિવેકરૂપી દૃષ્ટિ બંધ હોવાના કારણે નવું જોઈ અથવા પામી નથી શકતા. જે કુળમાં જન્મ થયો હોય એમાં ચાલી આવતી ધર્મની પરંપરાની આંધળી માન્યતા કરે અને જ્યારે પોતાની માન્યતા પ્રમાણે બોલાય તો હકારમાં માથુ ધુણાવે અને જો કંઈક જુદી રીતે બોલાતું હોય તો, ''એ તો બોલે, એવું કંઈ આપણાથી ન થાય, એણે તો બોલવાનું છે...'' એમ માનીને ચાલે.

ઘણા લોકો કુળદેવ-દેવીની માન્યતા, નિવેદ વિ. કુળ પરંપરાથી ચાલ્યું આવે છે માટે કરવાનું એમ વિચારી કર્યા જ કરે છે. અંદરમાં ડર છે કે જો નહીં કરું તો કુળદેવી મારા ઊપર કોપાયમાન થશે ને શ્રાપ આપશે. પરંતુ જીવ એવો વિચાર નથી કરતાં કે ભગવાન આવા કષાયવાળા હોય કે પછી વિતરાગી હોય ?

બીજું ઉદાહરણ છે 'સરંગટ વહુ' એટલે જે જન્મથી અંધ નથી પણ લોકલાજના કારણે પોતાની દૃષ્ટિ પર ઘૂમટો તાણ્યો છે. લૌકીક દૃષ્ટિએ વડીલોની આમાન્યા જાળવવા માથે ઓઢની/લાજ કાઢવાની પ્રથા હતી.

આવા જીવ સત્ય અસત્યનો થોડો ઘણો વિવેક તો કરી શકે છે પણ પછી જ્યાં એ વસ્તુ સ્વીકારી ને વર્તનમાં લાવવાની વાત આવે છે ત્યાં અત્યાર સુધી આમ ધર્મ કરતાં હતા, હવે બદલીશ તો લોકો મારા માટે શું કહેશે ? એવી લોકલાજથી અપમાન અને અપકીર્તી ભર્યું જીવ થોડું ઘણું સાચું સમજે છતાં એ સ્વીકારી પોતાનામાં એ પરિવર્તન લાવવા તૈયાર નથી હોતા. બીજી રીતે, જ્ઞાન પ્રત્યે આદરના કારણે એક પડદો આડો આવી જાય અને પ્રાપ્ત કરવા જેવું ચૂકી જાય છે.

આમ આંધળો સસરો અને સરંગટ વહુ પોતાની મિથ્યા માન્યતા અને મતાગ્રહ લઈને કથા સાંભળવા જાય છે અને જ્યાં પાત્ર ભરીને જીવ જાય ત્યાં નવું ગ્રહણ પણ કેવી રીતે કરી શકે ? છતાં આવા જીવ કંઈક કરવું એને ધર્મ સમજે છે, માટે કથા સાંભળી આવ્યા, ધર્મ થઈ ગયો પણ કથા તો નિમિત્ત હતી, એનું નિમિત્ત લઈ માન્યતા/સંસ્કાર બદલવાનો લક્ષ ચૂકી જાય છે અને જીવની આવી દશા હોવાથી કથાકાર કહે છે કંઈક અને જીવ સમજે છે કંઈ બીજું જ. અર્થાત્...

કહ્યું કાંઈ ને સમજ્યા કશું, આંખનું કાજળ ગાલે ઘસ્યું.

જ્ઞાની પુરુષ તો જીવને સાધન બતાવી શકે પણ એનો ઉપયોગ તો વિવેક વાપરી જીવે કરવાનો છે.

ઉદાહરણ તરીકે સુંદરતા વધે એ માટે કાજળ લગાવવાનું કોઈએ કહ્યું હોય તો એ

આંખમાં લગાવવાને બદલે ગાલ ઉપર આંજણ ઘસે તો સુંદરતા વધે કે ઘટે ?

જ્ઞાનીપુરુષ તો લક્ષનો લક્ષ કરાવે પણ એ લક્ષનો લક્ષ રાખી લક્ષ સુધી પહોંચવા જીવે વિવેક તો વાપરવો જ પડે. નહીં તો લક્ષ વગરના બાણની જેમ માત્ર ધર્મ ક્રિયા કર્યા કરે, વિવેક ન વાપરે તો ધર્મ કરું છું એવો મિથ્યા આનંદ જીવ લઈ શકે પણ દશા ન વધારી શકે.

એક મુમુક્ષુ બહેનને પૂજ્યશ્રીએ નોટબૂકમાં નિત્યક્રમ લખી આપ્યો અને કહ્યું કે દરરોજ તમારે આ નિત્યક્રમ કરવાનો. એ બહેન દરરોજ 'નિત્યક્રમ' કરવા લાગ્યા. થોડા સમય પછી એ ફરીથી પૂજ્યશ્રીને મળ્યા અને કહે, 'તમે કહ્યું હતું એ પ્રમાણે દરરોજ નિત્યક્રમ કરું છું પણ હજી જોઈએ એવો વિકાસ નથી થતો, આનંદ નથી આવતો એવું લાગ્યા કરે છે એનું શું કારણ ?'

પૂજ્યશ્રીએ પૂછ્યું, ''તમે નિત્યક્રમમાં કયા પદ બોલો છો ?'' બહેને નોટ બૂકમાં જે લખી આપ્યું હતું તે બતાવ્યું અને કહ્યું, 'હું દરરોજ આ પાનું વાંચી જાઉં છું... !'

નિત્યક્રમ આનંદ ઉલ્લાસ સાથે કરવામાં જીવનો આત્મિક વિકાસ ચોક્કસ થાય છે. પરંતુ એ લક્ષ વગર માત્ર પદના નામ બોલી જવાથી કંઈ કલ્યાણ નથી. આ છે જ્ઞાનીએ કહ્યું કંઈ ને સમજ્યો કશું, આંખનું કાજળ ગાલે ઘસ્યું. ◆

(ક્રમશઃ)

બીજાં સાધન બહુ કર્યાં, કરી કલ્પના આપ;
અથવા અસદ્‌ગુરુ થકી, ઊલટો વધ્યો ઉતાપ.
પૂર્વ પુણ્યના ઉદયથી, મળ્યો સદ્‌ગુરુ યોગ;
વચનસુધા શ્રવણે જતાં, થયું હૃદય ગતશોગ.
નિશ્ચય એથી આવિયો, ટળશે અહીં ઉતાપ.
નિત્ય કર્યો સત્સંગ મેં, એક લક્ષથી આપ.



મુમુક્ષુની કલમે

‘ભક્તિ એટલે અહંકાર ને વિલીન કરવાની તૈયારી’

જાસ્મીન મહેતા, કોલકત્તા

ભક્તિ એટલે પ્રેમ, શ્રદ્ધા અને અર્પણતા. મને અગર કોઈ પૂછે કે ભક્તિ શું છે, તો હું આ જ ૩ શબ્દ કહી શકું, કેમકે ભક્તિ એક દશા છે, વેદન છે, એને શબ્દોમાં બાંધી ન શકીએ. પરમ કૃપાળુ દેવે પણ લખ્યું છે, ‘ભક્તિની તે દશા વર્ણવવાની સત્તા સર્વાધાર હરિએ વાણીમાં મૂકી નથી, અને લેખમાં તો તે વાણીનો અનંતમો ભાગ માંડ આવી શકે.’

અત્યાર સુધી મારી પણ ભક્તિની સમજ આજ ત્રણ શબ્દો (પ્રેમ, શ્રદ્ધા, અર્પણતા)ની હતી. પણ ઉપર લખેલું વાક્ય સાંભળીને એમ સમજાયું કે ભક્તિને સમજવાના ઘણા નય હોઈ શકે.

અહંકાર અથવા અભિમાન એટલે અહમ્‌ભાવ. એ તો સ્વાભાવિક છે કે જેને સત્પુરુષ પ્રતિ અનન્ય ભક્તિ જાગૃત થઈ હોય, એ તેમની સામે પોતાનો ઈગો અથવા સ્વમાન તો નહીં જ આવવા દે. સત્પુરુષ એને જે પણ કહે, જેવી રીતે પણ વર્તે એની સાથે, એનો પ્રેમ તેમના પ્રતિ અચળ અને સરખો રહે છે. સર્વ સંજોગોમાં ભક્તિનો આ સાદો અર્થ છે તો પછી ભક્તિમાં અહંકારને એટલું મહત્વ કેમ આપ્યું છે ?

કેમકે અહંકારનો ઉંડો અર્થ દેહાધ્યાસ છે, અર્થાત ‘સ્વ’ને આત્મા ન સમજી ‘દેહ’ માનવો તે. અહંકાર જ્યાં હોય, ત્યાં હોય હું પણુ - જેમાં ‘હું’ એટલે કે ‘દેહ’. જે પ્રેમમાં હરિ ન હોય, ત્યાં જ ‘હું’ હોય અને જે પ્રેમ ભક્તિમાં હરિ હોય, ત્યાં કેવળ હરિ હરિ જ હોય - ત્યાં ‘હું’ની જગ્યા નથી જ્યાં હરિ વસે છે, ત્યાં મારાપણાની જગ્યા નથી. જેને હરિ પ્રત્યે અખંડ ભક્તિમાં વર્તવુ છે, તેને પોતાને ભૂલી જવું પડે છે. ભક્ત અને હરિ એકરૂપ ત્યારે જ થઈ

શકે જ્યારે દેહ રૂપી ભક્ત અને તેના સર્વ દોષો નાશ પામે છે અને બચે છે તો માત્ર શુદ્ધ હરિ. પછી બન્ને એવા એકરૂપ થઈ જાય છે કે ભક્ત અને ભગવંતમાં કોઈ અંતર દેખાતું નથી.

જ્યાં સુધી 'હું છું' અને 'હું કાંઈક છું' એવા ભાવ ભક્તના હૃદયમાં હોય, ત્યાં સુધી



તે ભગવંતના ગુણોનું અને પોતાના અવગુણોનું, યથારૂપે દર્શન કેવી રીતે કરી શકે ? આ દર્શન થાય, ત્યાર પછી જ તો સાચી ભક્તિ ઉમટે છે.

આજે હું પોતાને 'દેહ' માનીને ગુરુને પ્રેમ કરું તો એ તો લૌકિક પ્રેમ થઈ જશે, કેમકે 'દેહ' ને તો દુ:ખ છે, અશાતા છે, અણગમો છે, શાતાની પળો પણ છે, અનંત કર્મો છે, તો મારો પ્રેમ પણ બદલતા સમયના હિસાબથી બદલશે અને અંતમાં દેહના નાશ સાથે એ પણ સમાપ્ત થઈ જશે. એટલે જ, અલૌકિક પ્રેમ અને અલૌકિક ભક્તિ માટે 'હું આત્મા છું' એ નિશ્ચય હોવો જરૂરી છે કેમકે આત્માને તો કોઈ દુ:ખ નથી, કોઈ વેદના નથી, એના સ્વભાવમાં માત્ર સુખ અને પરમાનંદ છે, જે એને ભક્તિભાવથી મળે છે. 'હું' નથી, તો દુ:ખ નથી, ચિંતા નથી, શોક નથી, અણગમો નથી, સંસાર ભાવ નથી, દોષો નથી. અંધારું ન હોય, તો ત્યાં અજવાળું જ હોય, એટલે ગુરુ હોય, તેમના સ્મરણો હોય, વચનો હોય, ત્યાં જ્ઞાન હોય અને શાંતિ હોય.

'હું'ને ભુલીને જે જીવ કેવળ હરિને યાદ રાખી શકે છે, જે 'સ્વ'ને વિસરી ને માત્ર ઈશ્વરના પ્રેમ અને સ્મરણોમાં ખોવાઈ જઈ શકે છે, જેને પોતાનું સર્વસ્વ અને પોતાને જ હરિમાં વીલીન કરવાની તૈયારી અને શ્રદ્ધા છે, તે જ અર્પણતા અને ભક્તિની અદભુત દશામાં વર્તી શકે છે. ◆

શેઠ શ્રી હુકમચંદજી



(નોંધઃ પરમ શ્રદ્ધેય પૂજ્ય શ્રી આત્માનંદજી લિખીત પુસ્તક ''અર્વાચીન જૈન જ્યોતિર્ધરો'' માંથી ઉપર્યુક્ત પ્રકરણ, અનન્ય પરિવર્તન ટીમ દ્વારા સંકલિત કરવામાં આવ્યું છે.)

આત્મબળથી પોતાના પ્રભાવશાળી વ્યક્તિત્વનું નિર્માણ કરીને વિશિષ્ટ બુદ્ધિમત્તા, અનુપમ સાહસ અને પ્રબળ પુરુષાર્થ દ્વારા દેશના ઔદ્યોગિક, આર્થિક, સામાજિક અને સાંસ્કારિક ક્ષેત્રોમાં અનેકવિધ ફાળો આપનાર શેઠ હુકમચંદજીનું નામ વેપારી જગતના મહાપુરુષ તરીકે જાણીતું છે. અપાર ભૌતિક સંપત્તિના ઉપાર્જન દ્વારા અનન્ય પ્રખ્યાતિ પામનાર અને તેનો સદુપયોગ કરી સામાજિક ઉદ્ધારકોમાં અગ્રેસરનું સ્થાન પ્રાપ્ત કરનારા આ યુગના પ્રતિભાશાળી પુરુષોમાં તેમની પ્રતિભા આગવી હતી. અવિચલ સહિષ્ણુતા, ઉદારતા, નિરાભિમાનતા, ધાર્મિકતા, પરોપકારિતા તથા વિદ્વજ્જનો પ્રત્યેનો પ્રેમ-આ તેમના મુખ્ય અસાધારણ ગુણો હતા જેનાથી તેમને સમસ્ત હિન્દુસ્તાનમાં કીર્તિ અને ગૌરવવંતુ સ્થાન પ્રાપ્ત થયું હતું.

જન્મ અને બાલ્યકાળઃ શેઠ હુકમચંદજીનો જન્મ વિ.સં. ૧૯૩૧માં થયો હતો. તેમના પિતાનું નામ શેઠ સરૂપચંદજી અને માતાનું નામ જબરીબાઈ હતું. પ્રખર બુદ્ધિમત્તાને લીધે વ્યાપાર જગતમાં તેમની ખૂબ નામના હતી. તેઓએ ૧૫ વર્ષની ઉંમર સુધીમાં તો વ્યાપારમાં સારી એવી પ્રગતિ કરી લીધી.

હુકમચંદજી બાલ્યાવસ્થાથી તીવ્ર બુદ્ધિવાળા અને અત્યંત પ્રતિભાશાળી હતા. તેમની સ્મરણશક્તિ બહુ તેજ હતી. પાંચ વર્ષની ઉંમરમાં તેઓનો વિદ્યાભ્યાસ શ્રી મોહનલાલજી ગુરુ દ્વારા શરૂ કરવામાં આવ્યો. તેઓએ ધાર્મિક જ્ઞાન પણ પ્રાપ્ત કર્યું. તેઓ સ્વભાવે ઉદાર, ધર્માત્મા, સ્વાધ્યાયશીલ અને નિયિમત હતા.

ગૃહસ્થજીવનઃ તેમના ધર્મપત્ની કંચનબહેન લક્ષ્મીના અવતાર સમાન સુયોગ્ય, ધર્માત્મા, વિદુષી અને પરોપકારિણી મહિલારત્ન હતાં. શ્રાવિકાશ્રમ, પ્રસૂતિગૃહ, શિશુસ્વાસ્થ્ય-રક્ષા વગેરે સેવા સંસ્થાઓમાં તેઓ ખૂબ રસ લેતાં અને તેને લગતાં કાર્યોનું નિરીક્ષણ પણ તેઓ જાતે જ કરતાં હતા.

શેઠસાહેબનું વ્યક્તિત્વ: શેઠસાહેબને બાળપણથી જ ધર્મશાસ્ત્ર વાંચવાનો અને ધર્મચર્ચા કરવાનો શોખ હતો. ધર્માત્મા પુરુષોને મળતાં તેમનું મન અતિશય આનંદિત થઈ જતું હતું. તેમનો તેઓ હંમેશા આદરસત્કાર કરતા. તેઓ આધુનિક સાહિત્યના પણ પ્રેમી હતા. જીવનકાળ દરમિયાન તેઓએ હિંદી, ગુજરાતીના હજારો પુસ્તકો વાંચી લીધાં હતા. તેઓ સરળ અને નિરાભિમાની હતા. તેઓ પોતાને જનતાના સેવક સમજતા. પોતાની કુશાગ્ર બુદ્ધિથી સંપૂર્ણ કાર્યનું ખૂબ સરળતાપૂર્વક સંચાલન કરતાં.

વ્યાપાર અને વ્યવસાય: શેઠસાહેબ હંમેશાં સફળતાના વિચારોમાં જ ઓતપ્રોત રહેતા હતા. નિરાશા અને હતાશા તેમના જીવનમાં ભાગ્યેજ જોવા મળતાં. તેઓની સફળતાના મુખ્ય કારણો હતાં: તેમનું આશાવાદી માનસ, સંસારભરના બજારોનું અધ્યયન અને મનન, અવિચળ સાહસવૃત્તિ અને સતત પુરુષાર્થ.

તેઓ બજારમાં આવતાં પરિવર્તનો પ્રમાણે પોતાના વેપારમાં પણ પરિવર્તન કરતા હતા. મધ્યપ્રદેશમાં, ખાસ કરીને ઈન્દોરમાં તે વખતે અફીણનો સટ્ટો ખૂબ જોરશોરથી ચાલતો હતો. અફીણના ધંધામાં તેઓ ૩ કરોડ કમાયા અને ઘરમાં સોના ચાંદીની વર્ષા થવા લાગી. આમ છતાં જ્યારે તેઓ વેપાર માટે મુંબઈ ગયા ત્યારે તેમને સટ્ટાના ત્યાગ માટે આત્મપ્રેરણા થઈ અને તેના ફળસ્વરૂપે પાંચ વર્ષ માટે સટ્ટો કરવાનું છોડી દીધું.

ઔદ્યોગિક જીવન: શેઠ હુકમચંદજીએ ભારતની ઔદ્યોગિક ઉન્નત્તિમાં અગ્રગણ્ય ફાળો આપીને દેશનું જે આર્થિક ઉત્થાન કર્યું તે અવર્ણનીય છે.

તેઓએ હુકમચંદ મિલ, રાજકુમાર મિલ, જ્યુટમિલ તથા કલકત્તામાં એક કાપડની અને બીજી સ્ટીલની મિલ ખોલી હતી. તેમણે એમ પણ કહ્યું હતું કે ખાદી આ દેશનો પ્રાણ છે. ખાદી દ્વારા ગામડાના લોકો પોતાના ફાજલ સમયનો ઉપયોગ કરીને રોજી-રોટી મેળવી શકે છે. પોતાના ખાદીના ઉત્પાદન દ્વારા વિદેશમાં જતા નાણાંને રોકી શકાય છે. આ કારણથી તેમણે ઈન્દોરમાં ખાદીવણાટ માટેની અને જાડા કાપડની મિલ શરૂ કરીને તેમાં લગભગ ૨૦ કરોડનું કાપડ બનાવ્યું. તેમની વૈવિધ્યપૂર્ણ ઔદ્યોગિક વસાહતો હજારો માણસો માટે ઉદરનિર્વાહનું સાધન બની હતી. તેમણે અનેક પ્રકારના ઉદ્યોગો અને વેપારધંધામાં પોતાની વ્યાપારિક બુદ્ધિ, કુશળતા અને દીર્ઘદૃષ્ટિથી કરોડોની સંપત્તિ પ્રાપ્ત કરી હતી અને ક્યારેક ગુમાવી પણ હતી. છતાં તેમની મુખમુદ્રા પર કદી હર્ષ - શોક દૃષ્ટિગોચર થતાં નહોતા.

માનવતાવાદી પરોપકારમય જીવનઃ જેઓ પોતાના તન, મન અને ધનનો ઉપયોગ પરોપકારમય સત્કર્મો માટે કરે છે તેઓ જ આ દુનિયામાં સાચા સુયશને પ્રાપ્ત કરે છે. શેઠ હુકમચંદજીએ શીશમહલ, ઈન્દ્રભવન, ઈતવારિયાનું મંદિર વગેરે ભવ્ય ઈમારતો બંધાવી. ઉપરાંત વિશ્રાંતિભવન, મહાવિદ્યાલય, બોર્ડિંગ હાઉસ, કંચનબાઈ શ્રાવિકાશ્રમ, ઔષધશાળા, ભોજનશાળા, પ્રસૂતિગૃહ વગેરે અનેક સંસ્થાઓ તેઓની પરોપકારમયતા અને દાનવૃત્તિનું જ્વલંત પ્રતિક છે. તેઓએ ધર્મ અને સમાજહિત માટે લાખો રૂપિયા ખર્ચ્યા હતા.

ધાર્મિક, સાધનામય, વિરક્ત જીવનઃ તેઓને બાળપણથી જ જૈનધર્મ પ્રત્યે બહુ રુચિ હતી. દરરોજ જિનેન્દ્રપૂજન, સ્વાધ્યાય તથા ધર્મચર્ચા કરતા હતા. તેઓ કહેતા, ''મને જૈન ધર્મમાં પ્રગાઢ શ્રદ્ધા છે. મારા જીવનનો અભ્યુદય જૈનશાસ્ત્ર, સ્વાધ્યાય, ત્યાગીઓ-વિદ્વાનોના સત્સંગ તથા ધાર્મિક મિત્રોની ગોષ્ઠી દ્વારા થયો છે.''

જીવનમાં લગભગ ૫૦ વર્ષો સુધી નિયમિત રીતે શાસ્ત્ર-ચર્ચા, સ્વાધ્યાય, સદાચારપાલન, અધ્યાત્મવૃત્તિ, ત્યાગીઓ-વિદ્વાનોના સત્સમાગમ દ્વારા પોતાના આત્માને સુસંસ્કૃત બનાવવામાં તથા પારલૌકિક સુખના હેતુને પાર પાડવામાં મગ્ન રહ્યા હતા. સમ્રાટ જેવી સંપત્તિ અને ઈન્દ્ર જેવા ભોગવિલાસોને ગૌણ કરીને આ પ્રમાણે સાધનામય જીવનનો સ્વીકાર કરવો સહેલો નથી.

પરમ પૂજ્ય આચાર્યશ્રી શાંતિસાગરજી મહારાજ જ્યારે સંઘ સહિત ઈન્દોર પધાર્યા ત્યારે તેમના પર પણ શેઠજીના અદ્વિતીય વ્યક્તિત્વનો ભારે પ્રભાવ પડ્યો. જ્યારે પણ આચાર્યશ્રી અને મુનિધર્મ પર કોઈપણ ઉપસર્ગ કે સંકટ આવતું ત્યારે તેઓ હાજર રહી તેનું નિવારણ કરતા. તેઓને પોતાના કરતાં આચાર્યશ્રીના સ્વાસ્થ્યની વિશેષ ચિંતા રહેતી હતી, જે તેમની રૂડી ગુરુભક્તિ સૂચવે છે.

સૌરાષ્ટ્રમાં દિગમ્બર જૈન યાત્રાધામ, સોનગઢની તેમણે ત્રણવાર યાત્રા કરી હતી. પ. પૂ. શ્રી કાનજી સ્વામી પ્રત્યે તેમને ઉત્કંઠા અને વાત્સલ્ય ભાવ હતો. ત્યાં સ્વાધ્યાય હૉલ તથા જૈન મંદિર બનાવવા માટે તેમણે લગભગ એક લાખ રૂપિયાનું દાન કર્યું હતું.

એકવાર જૈનોના પવિત્ર યાત્રાધામ સમેતશિખરજી પર એક સંકટ ઉપસ્થિત થયું હતું. ત્યાં અંગ્રેજોએ વસવાટ કરવાનું નક્કી કર્યું હતું. આથી જૈન સમાજમાં હલચલ મચી ગઈ હતી. ઈન્દોરથી શેઠસાહેબે પણ અન્ય અગ્રણી વ્યક્તિઓ સાથે ખુલ્લે પગે ત્યાંની યાત્રા

કરી અંગ્રેજ સરકારને કહ્યું કે જો જૈન સમાજનો વિરોધ ધ્યાનમાં લેવામાં નહીં આવે તો તેમનો વિરોધાગ્નિ સળગી ઊઠશે. આ વાત ધ્યાનમાં લઈને અંગ્રેજોએ પોતાના વિચારો સ્થગિત કર્યા. ત્યાર પછી જૈન સમાજે નિશ્ચય કર્યો કે આ પહાડ આપણે ખરીદી લઈએ તો ભવિષ્યમાં ફરી આવો પ્રશ્ન ઊભો ન થાય. તે માટે તેઓએ પોતે રૂા. ૫૦૦૦/- અને ઈન્દોરમાંથી રૂા. ૨૫૦૦૦/-નું ફંડ એકઠું કરી આપ્યું.

જૈન ધર્મ અને સમાજ સેવાના કાર્યને તેમણે મુખ્યત્વે ચાર વિભાગમાં વહેંચી દીધું હતું: તીર્થોની સેવા, મુનિધર્મ કે તીર્થો પર આવેલા સંકટનું નિવારણ કરવું, અંદર અંદરના વિવાદો સમાધાન દ્વારા દૂર કરવા અને સંસ્થાઓની સ્થાપના અને સહાયતા.

સવંત ૧૯૫૯માં તેમણે ઈન્દોર અને છાવણીની મધ્યમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનના ભવ્ય જિનાલયનું નિર્માણ કર્યું. ઈતવારિયાના ભવ્ય જિનમંદિરના નિર્માણ માટે તેમણે જયપુર અને ઈરાનથી કુશળ કારીગરો બોલાવ્યા હતા. અહીં રંગબેરંગી કાચના અત્યંત સુંદર અને મનોહર સિદ્ધક્ષેત્ર, સમવસરણ, ત્રણલોક, નન્દીશ્વરદ્વીપ, સ્વર્ગની રચના, સપ્તવ્યસન તથા અષ્ટકર્મ વગેરે ચિત્રો બનાવવામાં આવ્યાં છે . આ દૃશ્યો જોઈને દર્શક ભાવવિભોર બની જાય છે. આથી જ ઈન્દોરને 'તીર્થનગરી' તરીકે ઓળખવામાં આવે છે.

ઈન્દોરમાં પ્લેગથી પીડાતી જનતાને પણ તેમણે સહાય કરી હતી તેમજ અસહાય જૈન ભાઈઓ માટે સો રૂપિયાના માસિક ખર્ચ પર એક ભોજનાલયની વ્યવસ્થા પણ કરી હતી.

શેઠસાહેબ વિદ્યાદાન માટે કોઈપણ નાતજાતનો ભેદભાવ રાખતા નહીં. આવી જ્ઞાત-અજ્ઞાત અનેકવિધ દાનપ્રવૃત્તિઓ શેઠસાહેબના જીવનની રોજ બરોજની ઘટનાઓ બની ગઈ હતી.

શેઠજીની અલિવદા: આમ સતત પાંચ દાયકાઓ સુધી સમાજ, ધર્મ અને ઉદ્યોગના ક્ષેત્રે ઉચ્ચસ્તરીય સેવાઓ આપી શેઠશ્રીએ તા. ૨૬-૨-૧૯૫૯ રોજ આપણા સૌની પાસેથી ચિરવિદાય લઈ લીધી. ◆

મુમુક્ષુની કલમે

સંત સમાગમથી પરિવર્તન

સરોજ મહેતા, કોલકત્તા

જ્ઞાનીના, પૂજ્યશ્રીના શરણમાં આવ્યા પછી મને પરમ કૃપાળુ દેવની ઓળખાણ થઈ અને સત્સંગમાં આવ્યા બાદ મારા વિચારો અને વર્તનમાં જે કંઈ ફેરફાર થયા તે મારા પતિ હસમુખ મહેતાએ પોતાની ડાયરીમાં લખેલ, જે મને તેમના દેહવિલય બાદ મળેલ, તે આપની સમક્ષ મુકું છું. તેઓ સત્સંગ કરતાં ન હતા, પણ સમજણ ઘણી જ હતી; મારી સત્સંગની વાતો તેઓ ઘણા જ રસપૂર્વક સાંભળતા, મને પરમાર્થે પૂરો સાથ આપતા.

મારા પતિનો દેહવિલય તા. ૪-૨-૨૦૧૩ના થયો. છેલ્લા બે માસમાં આશ્ચર્ય પમાડે તેવા ફેરફાર મેં તેમનામાં જોયા. તેમના અંત સમયે હું હાજર જ હતી, જાણે મેં તેમના આત્માને દેહથી જૂદો થતો જોયો. ત્યારથી મનમાં એજ વિચાર આવે છે કે જો માત્ર સત્સંગની વાતો સાંભળીને એક વ્યક્તિ અંત સમયે કોઈપણ તકલીફ વગર, મોહ વગર, પરિવારથી પરમ શાંતિથી છૂટી શકે તો કોઈ એક સત્સંગી જીવ જે સત્પુરુષના આશ્રયે તેમની આજ્ઞાના શરણે રહેનાર છે તેને અંત સમયે કેટલો લાભ અને સમાધી મરણ થતું હશે !!! તે એક આશ્ચર્યભર્યો વિચાર છે.

મારા પતિના લખાણ મુજબ...

''પરમ કૃપાળુ દેવના શરણમાં ગયા પછી મારી પત્નીમાં ઘણો જ ફરક પડી ગયો છે. પહેલા કોઈ તરફથી મનદુઃખ થાય તો રડતી, પણ હવે પ્રત્યક્ષ સત્પુરુષ મળ્યા પછી અને સત્સંગમાં ગયા પછી આપના પ્રતાપે તેમના જીવનમાં ઘણું પરિવર્તન આવી ગયું છે. પહેલા મને થતું કે મારી ગેરહાજરીમાં તેમનું શું થશે ? તે કેવી રીતે જીવી શકશે ? પરંતુ હવે તેઓ જાણે છે કે જેની સાથે જેટલી લેણાદેણી હોય, જેટલો ઋણાનુંબંધ હોય તેટલું જ ઋણ પુરું કરવાનું છે. કર્મોના બંધન આ ભવના હોય કે અનેક ભવોના હોય તે પુરા કરવા જ પડે છે. હવે આપના આશિર્વાદથી તેઓને પુરી સમજદારી આવી ગઈ છે તેથી મને જરા પણ ચિંતા નથી... મારી હાજરી નહીં હોય તો પણ આપની છાયામાં આરામ અને સમજદારીથી જીવી શકશે ! આ પરિવર્તન માટે હું આપનો ઉપકાર માનું છું.''

જ્ઞાનીની કૃપાથી ખૂબ જ યોગબળ મળ્યું છે, ક્ષમાથી પરિવારમાં પણ આશ્ચર્યજનક પરિવર્તન અને પ્રેમ મળ્યા છે. વ્યક્તિમાં આટલો બદલાવ આવે તે નજર સામે દેખાય અને અનુભવાય પણ છે... મને પણ પોતાના દોષો દેખાય છે. સત્પુરુષને પ્રેમ કરતાં આપણને પ્રેમ મળે જ છે તે અનુભવથી લખું છું. ◆



જૈન ધર્મનો પગથાર

સંકલન

ડૉ. સુચિતા દોશી, મુંબઈ

સમસ્ત જીવસૃષ્ટિમાં મોક્ષમાં જવાનો એક માત્ર અધિકાર મનુષ્યને મળ્યો છે. વિશ્વની પ્રત્યેક વ્યક્તિઓમાં ભિન્ન ભિન્ન વિલક્ષણતાઓ અને યોગ્યતાઓ ભરી હોય છે. જે આત્માની જેવી યોગ્યતા હોય તે પ્રમાણે એમના જીવનનું ઘડતર અને વર્તન સહજ રીતે થઈ જાય. જે જીવે 'મોક્ષ'નો લક્ષ કર્યો છે, તેણે પુરુષાર્થ કરી, પોતાનું ઘડતર કરી, મોક્ષમાર્ગમાં આગળ વધવું પડે છે. મોક્ષ પ્રાપ્તિ માટે મનુષ્યે અલગ અલગ ક્રિયામાર્ગ, યોગમાર્ગ, તપોમાર્ગ, ભક્તિમાર્ગ અપનાવ્યા છે. તેમાં આપણે ભક્તિમાર્ગ વિશે સમજી રહ્યા છીએ.

આત્મધર્મની આરાધના ઉત્તમ રીતે કરવા માટે મનુષ્યભવ, આર્યભૂમિ (સંતો, મહાત્માની ભૂમિ) અને પ્રત્યક્ષ સદ્‌ગુરુની હાજરી જરૂરી છે. જીવને તલપ લાગતાં, અંતરથી થતી પ્રાર્થના, વિનંતી તેને આ બધું પ્રાપ્ત કરવામાં સહાયભૂત થાય છે. આ પ્રાપ્ત થયા પછી પ્રત્યક્ષ સદ્‌ગુરુની ભક્તિ કરવી જોઈએ. કોઈ વસ્તુ પ્રત્યે ભક્તિ ત્યારે જાગે જ્યારે તેનું મહાત્મય સમજાય. સત્પુરુષનું મહાત્મય એ છે કે તે સત્ (આત્મા)ની પ્રાપ્તિ કરાવશે. તો આ સત્ છે શું ?

કાળના સમુદ્રમાં નામ અને રૂપ તો પરપોટા જેવા છે. વળી રૂપ કે સૌંદર્યનો ગમે તેટલો નિખાર હશે, તે પણ એક દિવસ માટીમાં રગદોળાઈ જવાનું છે અથવા આગમાં બળીને રાખ થઈ જવાનું છે. સંસારની આ કરૂણ વાસ્તવિકતા છે. નામ, રૂપ, સ્થાન કે પદાર્થ કોઈ સ્થિર નથી.

બૌદ્ધ દર્શનની માન્યતા છે... સર્વ ક્ષણિકમ્, બધી વસ્તુઓ ક્ષણિક છે. અલ્પ સમય માટે એની ઝાકઝમાળ બતાવીને પછી વિલીન થઈ જાય છે. સવારે ખીલેલું ફૂલ સાંજે કરમાઈ જાય છે, આલિશાન રાજમહેલો ક્યારેક ખંડેર બની જાય છે, બચપનમાં ગાલની ગુલાબી લાલી વૃદ્ધાવસ્થામાં કરચલીમાં ફેરવાઈ જાય છે. જો આખા જગતમાં સર્વ પદાર્થો અનિત્ય છે, ક્ષણભંગુર છે તો માનવી! તું શાના પર મુસ્તાક છે ?

છ ખંડનો વિજય કરી ભરત ચક્રવર્તી કોટિશિલા પર કાંકિણી રત્નથી નામ લખવા જાય છે, ત્યારે તે શિલા પર ચારે બાજુ લખાયેલા નામો જોઈ સ્તબ્ધ થઈ ગયા. મારે મારુ નામ ક્યાં લખવું ? કોઈ એક નામ ભૂંસીને જ મારુ નામ લખી શકાશે. જ્યાં એક નામ ભૂંસવા જાય છે ત્યાં આત્મ જાગૃતિ સાથે આંખમાં આંસુ આવી ગયા. અનિત્યતાની સંવેદનાથી એનું હૈયું ભરાઈ આવ્યું. 'મારા જેવો ચક્રવર્તી કોઈ નથી' એ અહમ્ ઓગળી ગયો. 'અહો ! આજે હું એક ચક્રવર્તીનું નામ ભૂંસાડું છું, કાલે મારું નામ ભૂંસનાર ચક્રવર્તી જાગશે !' ભરત ચક્રવર્તી અનિત્ય ભાવનાથી તરબોળ બની ગયા !

લોકના છ એ દ્રવ્યોમાં ત્રણ પદો લાગુ પડે છે. ઉપન્નેવા (ઉત્પાદ) એટલે ઉત્પન્ન થવું, વિગમ્મેવા (વ્યય) એટલે વિનાશ પામવું, (છ એ દ્રવ્યોની પર્યાયોમાં ઉત્પત્તિ, વિનાશ થયાજ કરે છે.) ધુવ્વેવા (ધ્રૌવ્ય) એટલે કાયમ ટકી રહેવું. (છએ દ્રવ્યો દ્રવ્યરૂપે કાયમ ટકી રહેનારા છે.)

તત્વાર્થ સૂત્રમાં કહ્યું છે, ઉત્પાદ, વ્યય અને ધ્રોવ્ય આ દુનિયાનાં પદાર્થ માત્રમાં છે. દુનિયામાં પદાર્થોનું આવું અનિત્યપણું દર્શાવવા, એનો મોહ જગતના લોકો ઉતારી એને ત્યાગી દે, એવા પવિત્ર આશયથી તીર્થંકરોએ પોતાના ઉપદેશની શરૂઆત આ ''ત્રિપદી''થી જ કરી, ''ઉપન્નેવા, વિગમ્મેવા ધુવ્વેવા.''

શ્રીમદ્ રાજચંદ્રજીએ પણ કહ્યું છે,

''વિદ્યુત લક્ષ્મી, પ્રભુતા પતંગ, આયુષ્ય એ તો જળના તરંગ,
પુરંદરી ચાપ અનંગ રંગ, શું રાચીએ ત્યાં ક્ષણનો પ્રસંગ ?''

અર્થાત્ લક્ષ્મી વીજળીના ચમકારા જેવી ક્ષણિક છે, પ્રભુતા (સત્તા પદ) છે ત્યાં સુધી તમને માન સન્માન, આદર મળે છે. જેવી રીતે પતંગની દોરી હાથમાં છે ત્યાં સુધી જ પતંગ તમારી છે. પછી તો તેનો નાશ જ છે. આયુષ્ય (જીવન) પાણીમાં ઉઠતા તરંગો જેવું ક્ષણ વિનાશી છે. વિષય કામના મેઘધનુષ્યના રંગોની જેમ વિલીન થાય છે. જ્યાં જુઓ ત્યાં ક્ષણનો જ પ્રસંગ છે, આમાં રાચવા જેવું ક્યાં છે ? જગતના આવા ક્ષણજીવી અને પરિવર્તનશીલ પદાર્થો જોઈને મુમુક્ષુ જીવોને વૈરાગ્ય આવવો જોઈએ.

આમ આ બધું ક્ષણભંગુર, અનિત્ય છે, પણ આ બધું અનિત્ય છે એમ સમજવાવાળું કોઈક તત્વ છે, જે નિત્ય છે. તેને જ્ઞાનીઓ, મહાત્માઓ 'આત્મા', 'જીવ', 'જીવાત્મા' કહે છે. જેને અનાદિકાળની ટેવોને કારણે, ભ્રાંતિને કારણે આપણે સમજી શકતા નથી. આત્માના ગુણોમાં

આનંદ અને શાંતિ મૂળભૂત ગુણો છે. જેને કારણે દરેક જીવને, તેની ખબર ન હોવા છતાં કુદરતી રીતે, સહજ રીતે તે મેળવવાની ઈચ્છા રહ્યા કરે છે. તે દરેક વસ્તુમાં આનંદ (ખુશી) અને શાંતિ મેળવવાનો પ્રયત્ન કર્યા જ કરે છે. પણ સમજ ન હોવાથી તે બાહ્ય વસ્તુઓમાં તેને શોધવાનો પ્રયત્ન કરે છે અને માટે જ તે મેળવવા, વૈભવશાળી થવા દોટ મુકે છે.

શાયરે કહ્યું છે,

''કોઈ લાખો ચાલ્યા ગયા નજર પણ પડતી નથી,
કોઈ લાખો ચાલ્યા જશે નજર પણ રડતી નથી,
ઓ માનવી! તું તારા વૈભવનું અભિમાન ન કર,
અહીં સમ્રાટ સિકંદરની લાશ પણ જડતી નથી.''

સંસારની આ અનિત્યતા લાલબત્તી સમાન છે. ભયજનક સિગ્નલ જેવી છે. વિશ્વના સર્વ પદાર્થો આપણને સતત ચેતવણી આપે છે, હે જગતના મૂઢ જીવ! મારા પર લાગેલું આ 'અનિત્યતા'નું લેબલ બરાબર વાંચી લે! તે ધ્યાનમાં રાખીશ તો મારા પર ખોટા રાગદ્વેષ કરી બંધાતા કર્મોથી તું બચી જઈશ. જેમ સંધ્યાના રંગોને બદલાતા વાર ન લાગે, તેમ અશાશ્વત અને પરિવર્તનશીલ સંસારમાં ખડકાયેલી સામગ્રીને અને એ સામગ્રી પર માલિકીભાવ ધરાવતી વ્યક્તિઓને પણ બદલાતા વાર ન લાગે. માટે જ આ મોહનીય સંસાર પર વૈરાગ્ય જગાડી, નિત્ય એવા તત્વને, આત્માને ઓળખવાનો લક્ષ તો નક્કી કરી જ શકીએ છીએ. પુર્વે કર્યો પણ હોય તો હજુ સુધી તે પ્રાપ્ત થયો નથી, તેથી જ પરિભ્રમણ ચાલુ છે. કદાચ અનાદિકાળથી આત્મા પ્રાપ્ત કરવા માટે જે ક્રિયાઓ, પુરુષાર્થ સમજતા આવ્યા હતા, કર્યો હતો તે યોગ્ય નહોતો, તેથી જ તો અહીંયા છીએ.

જેમ લદાખ ફરવા જવું હોય તો ઉત્તર તરફની ગાડીમાં બેસવું પડે, જો દક્ષિણ તરફની ગાડીમાં બેસી જઈએ તો પુરુષાર્થ થતો હોવા છતાં, ઊંધી દિશામાં થતો હોવાથી જીવ લક્ષથી દૂર થતો જાય છે.

આપણી સાથે આવું જ થયું છે.

તો હવે શું કરવું ? આગળ કેમ વધવું ? તેની મુંઝવણ જીવને થાય છે. આ નક્કી કરેલા લક્ષે પહોંચવા, આત્માના ગુણોની ઓળખાણ કરવા, સાચી દિશા બતાવી અને તે પ્રમાણે પુરુષાર્થ કરાવનાર માત્ર 'સત્પુરુષ' જ છે. માટે જ તેમનો વિનય, ભક્તિ કરવાના છે. ◆

પ્રભુ ધારે તે કરે

મથુરબાબુને શ્રી રામકૃષ્ણ પરમહંસ પર અનન્ય પ્રીતિ હતી. એમની સેવા કરવા એ ખડે પગે તૈયાર રહેતા. એમના પર એમને વિશ્વાસ પણ ઘણો હતો. દક્ષિણેશ્વરમાં જ્યારે જ્યારે આવતા ત્યારે ત્યારે રામકૃષ્ણદેવની સાથે એ ધર્મ તથા ઈશ્વર વિશેની ચર્ચા કરતા અને શાંતિ મેળવતા. રામકૃષ્ણદેવને એ ગુરુભાવથી જોતા.

એક દિવસ એ રામકૃષ્ણદેવની સાથે વાર્તાલાપ કરી રહ્યા હતા ત્યારે રામકૃષ્ણદેવે કહ્યું:

'ઈશ્વર જે ધારે તે બધું જ કરી શકે છે. એને માટે અશક્ય કે મુશ્કેલ જેવું કાંઈ જ નથી. જળને ઠેકાણે સ્થળ અને સ્થળને ઠેકાણે જળ કરવાનું એના હાથમાં છે.'

એ સાંભળીને મથુરબાબુ બોલ્યા:

'હું નથી ધારતો કે ઈશ્વર જે ધારે તે બધું જ કરી શકતા હોય. ઈશ્વરની શક્તિ પણ મર્યાદિત છે. દાખલા તરીકે આ સામેના બગીચામાં જે છોડ છે, તેના પર લાલ રંગના ફુલ છે. ત્યાં શું ઈશ્વર ધારે તો પણ સફેદ રંગના ફુલ કરી શકે ? કદાપિ નહિ. એ એના હાથની બહારની વાત છે.'

રામકૃષ્ણદેવે શાંતિથી કહ્યું:

'તમે એ વાતને ઈશ્વરના હાથની બહારની વાત ભલે માનતા હો; પરંતુ ખરેખર તેવું નથી. ઈશ્વર સર્વસમર્થ છે, ને તેને સર્વસમર્થ એટલા માટે જ કહેવામાં આવે છે, કે તે જે ધારે તે બધું જ કરી શકે છે. જ્યાં લાલ રંગના ફુલ થતાં હોય ત્યાં ધોળા રંગના ફુલ કરવાનું એને માટે અસંભવિત નથી.'

પરંતુ મથુરબાબુને ગળે એ વાત ન ઉતરી. એમણે ચર્ચા કરવાની ચાલુ જ રાખી. બીજે દિવસે મથુરબાબુ દક્ષિણેશ્વરના ધામમાં આવ્યા, ત્યારે રામકૃષ્ણદેવે તેમને હસતાં કહ્યું: 'તમે કહેતા'તા ને કે લાલ ફુલના છોડ પર ઈશ્વર ધોળું ફુલ ના ઉગાડી શકે ? પણ જુઓ, આ સામે ડાળી પર લાલ ફુલની સાથે ધોળું ફુલ પણ ખીલેલું છે !'

'એ બની શકે જ નહીં.' મથુરબાબુ બોલી ઉઠ્યા.

'પણ જુઓ તો ખરા.'

મથુરબાબુએ છોડની પાસે જઈને જોયું તો એમને ખરેખર આશ્ચર્ય થયું. છોડ પર લાલ ફુલ તો હતા જ, પણ એમની વચ્ચે એક ધોળુ ફુલ પણ ઉગેલું. એ તો દિગ્મુઢ બની ગયા. એમની બુદ્ધિ કાંઈ કામ ન કરી શકી.

રામકૃષ્ણદેવે પૂછ્યું : 'કેમ ? ઈશ્વર જે ધારે તે કરી શકે ને ?'

મથુરબાબુ શું બોલે ? બોલવા જેવું હતું જ શું ? એ રામકૃષ્ણદેવને પગે પડી ગયા. ◆

एक प्रेरक प्रसंग

वर्तमान का महत्व

एक राजा अपने राज्य की सुद्रढ़ व्यवस्था के प्रति बड़ा जाग्रत था। अत: प्रजा के भीतर वह एक चिंतन की ज्योति जलाना चाहता था। उसके लिए वह स्वयं भी चिंतन व मनन किया करता था। अपने चिंतन से वह किसी एक प्रश्न का उत्तर खोज नहीं पा रहा था। उसका प्रश्न था, जीवन में महत्वपूर्ण क्या है? प्रश्न का उत्तर पाने के लिए उसने कई दिन चिंतन में बिता दिए परन्तु उसे समुचित समाधान नहीं मिल सका। समुचित समाधान पाने हेतु उसने वह प्रश्न मंत्री एवं अन्य सभी सभासदों से पूछा परन्तु किसी का समाधान राजा के मन को संतुष्ट नहीं कर सका।

अन्त में राजा एक महात्मा के चरणों में पहुँचा जो नगर से बाहर जंगल में रहते थे। उस समय महात्मा अपनी मस्ती में झुमते हुए फावड़ा चलाकर बड़े प्रेम से फूलों की क्यारियाँ खोद रहे थे। राजा ने महात्मा को प्रणाम किया तथा धीरे से अपना प्रश्न पूछा किन्तु महात्मा ने कोई प्रत्युत्तर नहीं दिया। वे अपने कार्य में मस्त थे। राजा ने सोचा महात्मा वृद्ध है। अत: विश्राम के क्षणों में इनसे प्रश्न पूछना ठीक रहेगा। राजा ने तुरन्त ही महात्मा के हाथ से फावड़ा लिया और स्वयं इस कार्य में लग गए।

थोड़ी देर में वहाँ एक व्यक्ति दौड़ता हुआ आया जो बहुत बुरी तरह से घायल था। वह मूर्छित होकर वहाँ गिर गया। महात्मा और राजा अपना कार्य छोड़कर तत्काल उसके पास पहुंचे। महात्मा शीघ्र जल लेकर आए और राजा ने सारे घाव धोये। उन घावों को साफ करके अपना बहुमूल्य उत्तरीय वस्त्र निकालकार घावों पर पट्टी बांधी। उसे जैसे ही होश आया वह बोला, ''राजन्! मेरा अपराध माफ करो। मुझ गरीब पर रहम कर दो।''

यह सुनकर राजा आश्चर्यचकित हुआ कि मैं तो इसे जानता भी नहीं हूँ फिर यह क्षमा क्यों माँग रहा है। राजा ने कहा, ''यह बताओ कि तुम कौन हो और तुम्हारा अपराध क्या है।''

उस अजनबी ने सारी बातें स्पष्ट करते हुए कहा, ''राजन्! मेरा भाई युद्ध में आपके हाथोंमारा गया था तब से मेरे मन में वैर की भावना प्रबल रूप से जागृत थी। अवसर मिलने पर मैं आपसे बदला लेना चाहता था। इसलिए मौके की तलाश में था और आज मुझे अवसर मिल भी गया। आपको यहाँ अकेले आते देखकर मैंने आपका पीछा किया परंतु आपके सैनिकों ने मुझे देख लिया और मुझे बुरी तरह मारकर

घायल कर दिया। मुझे क्या पता था कि आप इतने दयालु हैं। आपके इस दयापूर्ण व्यवहार ने तो मेरा दिल बदल दिया। इसीलिए मैं आपसे क्षमा मांग रहा हूँ।''

यह वार्तालाप सुनते ही महात्मा ने कहा, ''राजन्! अब तुम्हें अपने प्रश्नका उत्तर मिल गया होगा।'' राजा ने कहा, ''महात्मन्! मैं कुछ भी नहीं समझा। मुझे मेरे प्रश्न का उत्तर नहीं मिला है।''

तब महात्मा जी ने समझाते हुए कहा, ''जीवन में महत्वपूर्ण समय वह है जो वर्तमान में उपिस्थत है। महत्वपूर्ण व्यक्ति वह है जो आपके सामने हो, उसके साथ आत्मीयता और मैत्री का व्यवहार करो। चाहे वह हमारा दुश्मन ही क्यों न हो उससे भी प्रेमपूर्ण व्यवहार करना मत भूलो। जीवन में महत्वपूर्ण कार्य वही है जो हमारे सामने हो। उस कार्य को बड़ी मस्ती एवं तन्मयता से पूर्ण करो। जो भी जीवन में उपस्थित है उसे उपादेय मानकर जीवन को महत्वपूर्ण बना सकते हैं।''

वर्तमान का महत्व जिसने जान लिया उसने जीवन को महत्वपूर्ण बना लिया। महापुरुषों ने भी जीवन का संदेश देते हुए कहा कि वर्तमान का सम्मान करो और वर्तमान की सुरक्षा करो तभी भविष्य को उज्जवल बनाया जा सकता है।

श्रावस्ती के दो युवको में बड़ी प्रगाढ़ मैत्री थी, दोनों ही दूसरों की जेब काटने का धंधा करते थे। एक दिन भगवान बुद्ध का एक स्थान पर प्रवचन चल रहा था। अच्छा अवसर जानकर दोनों मित्र वहीं जा पहुँचे। उनमें से एक को भगवान बुद्ध का प्रवचन बहुत अच्छा लगा और वह ध्यानावस्थित होकर उन्हें सुनने लगा।

दूसरे ने कई जेबें इसी बीच साफ कर लीं। शाम को दोनों घर लौटे। एक के पास धन था, दूसरे के पास सद्विचार। गिरहकट ने व्यंग्य करते हुए कहा - तू बड़ा मूर्ख है रे, जो दूसरों की बातों से प्रभावित हो गया। अब इस पांडित्य का ही भोजन पका और पेट भर। अपने पूर्व कृत्य - कर्मो से दुखी दूसरा गिरहकट तथागत के पास लोटा और उनसे सब हाल कहा। बुद्ध ने समझाया - वत्स जो अपनी बुराइयो को मानकर उन्हें निकालने का प्रयत्न करता है वही सच्चा पंडित है, पर जो बुराई करता हुआ भी पंडित बनता है वही मूर्ख है। ◆

SUGAR



By Dietician Utsavi Chheda - Mumbai

Sugar has been in the negative press in recent years. For all intents and purposes, sugar is the new “fat” – being shunned by everyone. In India, where sweets spell celebration, the chances of being sugar dependent are high. What's worrying is that most of us are clueless about the amount of sugar we consume in a day. The per capita consumption of sugar in India is 20.2 kg.
Where is all of This Sugar Hiding?

You may be wondering where all this extra sugar is coming from, assuming you don’t dip into the sugar bowl to season each meal. Soda and other sugary beverages are, of course, obvious culprits, but so are many processed foods, including some you might not think of as “sweet”; Sugar-sweetened breakfast cereals, ice cream, baked goods, cookies, candy, fruit juice etc. Other heavily sweetened foods that can add a significant amount of added sugar to your diet include: Canned fruit packed in syrup, fat-free salad dressing (and virtually any fat-free products, as sugar often replaces the fat), granola bars, tomato sauce, muffins, peanut butter, bread, ketchup, yoghurt.

Also be on the lookout for these ingredients, which are all sources of added sugar: Brown rice syrup, evaporated cane juice, barley malt syrup, molasses, anhydrous dextrose, brown sugar, confectioner's powdered sugar, corn syrup, corn syrup solids, glucose, fructose, high-fructose corn syrup (HFCS), honey, invert sugar, lactose, maltose, maple syrup, nectars , sucrose, white granulated sugar.

Why is added sugar a problem?

1. Weight gain: It is no surprise that consuming too much sugar can make you gain weight. Extra sugar which your body does not immediately require for energy can be easily converted to triglycerides, a type of fat that can then be stored around your waist as well as in your hips and thighs and lead to host of cardio vascular diseases.

2. Diabetes: If you're consuming too much sugar on a regular basis, you could

be setting yourself up for diabetes. If you already have diabetes, whether it is type 1, type 2 or gestational, too much sugar in your diet can prevent you from keeping your blood sugar levels within a healthy range.

3. Frequent Urination: Consuming a lot of sugar can make you urinate much more frequently than you're accustomed to. Your body, especially your kidneys, know when your body has had too much of one thing, including sugar, your kidneys will begin to work much harder than they regularly do to filter and remove sugar from your system by making you urinate.

4. Extreme Thirst: When you consume extra sugar, you may become extremely thirsty. Since your kidneys detect the excess sugar and work harder to eliminate sugar from your system, you will become very thirsty from urinating so much. When your body loses a lot of fluid, it's only natural that your body wants you to replace any lost fluid, which it does by making you drink more.

5. Fatigue: You would think that consuming extra sugar would give you more energy, but it actually makes you tired. When you consume too much sugar, your body is unable to use it properly. So the excess sugar leaves you with no additional energy while taking away from your natural energy reserves.

6. Impaired Immune System: Eating too much sugar can seriously compromise the ability of your immune system to fight viruses, bacteria and parasites

Too much sugar causes your body to go on a roller coaster ride of ups and down and your moods often follow along with dental caries.
Healthy Sugar Substitutes That Won't Sabotage Your Health
The next time you're hankering for a sweet treat, one of the healthiest options may be to make your own at home, using the healthier options below. You'll notice that artificial sweeteners are not on this list, as many have some concerning health issues in their own right. These natural substances can add a little healthy sweetness to your everyday meals and baked treats without sacrificing your health:

1. Stevia: A sweet Central and South American herb
2. Raw honey (sparingly): Although still a high source of sugar, raw honey contains antioxidants, minerals, enzymes, vitamins and phytonutrients
3. Applesauce: Look for an unsweetened brand, as apples are naturally sweet (or make your own)
4. Raisins: Chop them up finely to add sweetness to cereal, cookies and other baked goods
5. Pureed ripe bananas: A natural way to add sweetness to baked goods.◆

ALEXANDER AND THE FAKIR

Contributed by Readers

This whole earth is full of blind people – blind because they cannot see death approaching, they cannot see that life is evaporating every moment, they cannot see the momentariness of all that they are accumulating, they don't know from where they come, why they come, to where they are destined and they are not even aware who resides at the innermost core of their being.

When Alexander, the Great came to India, Buddha had left his body only 300 years before but his vibe was still alive. People were still filled with the joy, with the silence that they had experienced in Buddha. He had gone, the flower has disappeared, but the fragrance was still in the air, still lingering. It lingered on at least for 500 years. Alexander was very much surprised; he had never felt such quality. He came across many people he had never come across in his whole life. They were strange – they talked a strange language, they lived a strange life. He was mystified.



He met a naked fakir and he was so much impressed by the man's beauty, his grace, his silence, his bliss, that suddenly he felt his own poverty. And he was the conqueror of that time, the conqueror of the then known world, the greatest conqueror ever. And he felt his own beggarliness before this naked beggar, because he could see he was empty. And this naked man was overflowing with meaning, with joy, with splendor.

Alexander begged from this beggar, "Give me some gift that can be of help to me!"

The beggar pulled out a small mirror – so goes the story – from his bag and gave the mirror to Alexander. Seeing that it is just an ordinary mirror and very cheap too, Alexander said, "Do you think this is such a great gift? From a man like you I was expecting something really miraculous!"

And the naked fakir laughed and he said, ”It is more than you could have ever expected. Keep it safe for the day when the question arises in you ’Who am I?’ and then look into it.”

Alexander could not resist the temptation. That very night when he was alone, he looked into the mirror and he was surprised: he saw his original face.

This must be a story, because no mirror can show you your original face – unless that mirror means meditation. Meditation can show you your original face. The story simply says that the beggar gave him the secret of meditation; it is a metaphorical way of saying. Meditation is a mirror. All the mirrors can only show the physical face, but meditation can show you your spiritual face.

IGNORANCE

A king went to the forest for walking. He lost his way and out of hunger and thirst he went to a hut.
He was satisfied with the timely albeit normal food.
As he was going, he said to the owner of the hut, “I am the King of this province, I am impressed by your kind heartedness. I am giving you a garden of sandalwood; you will live your rest of life happily.
Although he got the garden but because he didn’t know the importance of sandalwood, he started cutting the trees and converting them into coal and selling it. Somehow he could run his living in this way. Soon all the trees were cut.

One last was left; due to rains he couldn’t make coal out of it so he decided to sell the wood in the market.
As he reached the market, buyers impressed by its smell, paid good price for it. This man got amazed. Then people told him, ”this is sandalwood, which is very costly. If you have more such wood then you’ll get good money for it.
The man was heavily repenting on his ignorance that he sold such a fortune for peanuts. As he was feeling sorry for himself, another man told him, “Don’t repent, the whole world is ignorant like you. Every moment of this life is precious, but people waste it in lust and other attractions. At least utilize the one tree left with you.”
Even after losing most of the things if someone wakes up in the end then also he would be said as intelligent. Majority of people wake up when all is lost.

તત્ત્વ પહેલી (મે - ૨૦૧૪)



આડી ચાવીઓ :

૨) ..... વડે તત્વની સિદ્ધિ છે. (૩)

૩) ..... સરળ છે, પ્રાપ્તિ દુર્લભ છે. (૨)

૭) સાચી સમજણ તે ..... છે. (૨)

૮) ..... સર્વ કર્મનો ક્ષય થવો તે. (૨)

૯) નિગોદથી લઈ એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના સર્વ જીવોની સાચા હૃદયથી ..... કરવી યોગ્ય છે. (૪)

૧૦) જે સંસારને વિશે કર્તા તરીકે મનાય છે, અને રહે છે ..... ભાવે તે બેધારી તલવાર પર ચાલવા બરાબર છે. (૨)

૧૧) ..... સંસારમાં રહ્યા છતાં અસંગ રહી શકયા એ જોકે મોટું આશ્ચર્ય છે. (૬)

૧૪) ..... અને પુરુષાર્થ એ શબ્દ સમજવા જેવા છે, ... વેધ્યા વિના બીજો કોઈ ઉપાય નથી. (૩)

૧૫) .....નું બળ કર્મો કરતાં વધારે છે. (૪)

ઊભી ચાવીઓ :

૧) ..... થી તત્વ સિદ્ધિ છે. (૨)

૨) ગમે તેટલી ..... ઓ આવી પડે તથાપિ જ્ઞાની દ્વારા સંસારિક ફળની ઈચ્છા કરવી યોગ્ય નથી. (૩)

૩) ..... એ ઠગનારી છે. (૨)

૪) અહો ! સત્પુરુષના વચનામૃત, ... અને સત્ સમાગમ. (૨)

૫) જગતમાં.....ન હોત તો અહીં જ મોક્ષ હોત. (૨)

૬) મહાત્મા..... અને નરસિંહ મહેતાની ભક્તિ અનન્ય, અલૌકિક અને સર્વોત્કૃષ્ટ હતી. (૩)

૮) જગતમાં માન ન હોત તો અહીં જ.....હોત. (૨)

૧૦) જેને આત્માનો ..... કરવો છે એ ઉંડા વિચાર કરે જ. (૪)

૧૨) સર્વ વીતરાગને પરમ ભક્તિએ ..... (૪)

૧૩) બુદ્ધિ બે પ્રકારે છે સમ્યક્ અને .... (૪)

FORTHCOMING EVENTS

17-18 May 2014	:	Essence of Life Session, Raipur
17-19 May 2014	:	Progressive Shibir (Hindi), SRATRC
18 May 2014	:	Param Gyan Sabha, Mumbai
18 May 2014	:	Marathon - TCS World 10K Run, Bangalore
24-27 May 2014	:	Progressive Shibir, SRATRC
28-31 May 2014	:	Progressive Shibir, SRATRC
30 May 2014	:	Special Gyan Sabha by Regional Centre Committee Rajnandgaon & Durg
31 May - 01 June 2014	:	Special Gyan Sabha by Regional Centre Committee, Raipur
1 June 2014	:	Sarvarpan Divas Celebration, Mumbai
06-10 June 2014	:	Samagam 2014 - Youngsters' Mega Shibir, SRATRC
13 June 2014	:	Special Gyan Sabha by Regional Centre Committee, Rajnandgaon & Durg
14-15 June 2014	:	Special Gyan Sabha by Regional Centre Committee, Raipur
14-17 June 2014	:	Spiritual Workshop - Dravyanuyog (Hindi), SRATRC
22-25 June 2014	:	Progressive Shibir, SRATRC
28 June 2014	:	Special Gyan Sabha by Regional Centre Committee, Rajnandgaon & Durg
29-30 June 2014	:	Special Gyan Sabha by Regional Centre Committee, Raipur
11-13 July 2014	:	Gurupurnima Celebration, Raipur

* Venue and Timing of Param Satsang to be held will be informed accordingly.



Om Shree Prem Acharayaji's Satsang DAILY relay on ARIHANT CHANNEL at 9 am.

Om Shree Prem Acharayaji's Satsang is available live on www.rajchandrakp.org

Published by : Spiritual Impressions Private Limited
108-109, Runwal Commercial Complex, L.B.S. Marg,
Opp. Nirmal Life Style, Mulund(West), Mumbai 400080.

Printed at : Jayant Printery
352/ 54, Girgaum Road, Murlidhar Compd., Near Thakurdwar PO, Mumbai-2.

Editor : Dr. Meena Goshar

From Us... to You

- Current subscription amount is Rs. 250/-, valid for 6 bi-monthly issues (subject to change without notice). Subscription (new or renewal)
- Amount may be deposited by cheque in any branch of HDFC Bank, for credit of 'Spiritual Impressions Pvt.Ltd.' having Current A/c. no. 01432320011590 with Crawford Market, Mumbai
- Branch and payment details, with CORECT AND COMPLETE address, contact number and email id of subscriber, emailed to info@simpl.in to get an acknowledgement.Please allow 2 weeks for processing.
- Ananya Parivartan can be a wonderful gift and we will deliver the first issue to the recipient with a nice (personalized, if you so want) messageon your behalf. Simply, deposit the subscriptions in bank and email details of all recipients to info@simpl.in and let us do the rest.
- Timely delivery is 100% dependent on CORECT AND COMPLETE address. Please carefully check address label on the envelope in which you receive an issue and email required corrections/ additions to info@simpl.in
- Please register your email with us to get intimation of each dispatch as well as a timely reminder, when renewal becomes due so that you do not miss any issue.
- All despatch/delivery/subscription related may be emailed to info@simpl.in
- Articles/contributions for publication in Ananya Parivartan may be sent to - Sanjiv Rawell - srrawellco@yahoo.co.in / Meena Goshar - mgoshar@yahoo.com

For Subscription and Other Details Contact

Ahmedabad	Ashitbhai Sanghavi	08000323456	ashitsanghavi@live.com
Anand	Amitbhai Shah	09824081071	pinami@yahoo.com
Bengaluru	Kiranben Sanghrajka	09448906066	kiranjs@yahoo.com
Chennai	Chandaben Doshi	04432974779	daksha_cal@yahoo.com
Delhi	Keatanbhai Shah	09958916680	ketan.shah@gmail.com
Dhule	Dhirajlal P. Shah	09423324822	dpshah37@hotmail.com
Gadag	Virendrabhai Lodaya	09448165256	pushpacotton@gmail.com
Hubli	Anilji Ostwal	09448453747	anilostwal@yahoo.com
Hyderabad	Virchandji Lalwani	04066782005	sandeep78_v@yahoo.com
Jabalpur	Harishbhai Khokhani	09300108771	gaurav.khokhani@gmail.com
Jamshedpur	Dilipbhai Gandhi	09334048224	bhavingandhi85@hotmail.com
Kolkata	Manojbhai Desai	09831270630	manojdesai02111962@hgmail.com
Mumbai	SIMPL Office	02225900121	info@simpl.in
Pune	Rameshbhai Oswal	09371006817	pharma.shree@rediffmail.com
Rajkot	Yogenbhai Doshi	09824429750	yogen72@gnail.com
Vadodara	Priyaben Vashi	09376238819	priyavashi24@yahoo.com

ઉત્તમ દાન - 'જ્ઞાનદાન'

પૂણ્યની કમાણી અને ઉત્તમ દાન -'જ્ઞાનદાન'નો લાભ અવશ્ય લેવા જેવો છે

કહેવાય છે કે જ્ઞાનદાન એ ઉત્તમ દાન છે. વર્ષગાંઠ, લગ્નદિન, પુણ્યતિથિ વિગેરે પ્રસંગો જ્ઞાનદાન માત્રથી સાચી રીતે યાદગાર બની રહે છે. જ્ઞાનદાનના હેતુએ 'અનન્ય પરિવર્તન'ના એક અંકની **sponsorship** ₹ ૪૧,૦૦૦/- તથા વાર્ષિક (૬ અંકની) ₹ ૨,૨૧,૦૦૦/- રાખવામાં આવેલ છે. એક અથવા વધુ અંકના **sponsor** નો સંદેશ, **photo** સાથે **sponsored** અંકમાં આપવામાં આવશે. કોઈપણ અંકના પ્રકાશન પેટે આથી ઓછી રકમના મળેલ જ્ઞાનદાનની સ્વીકૃતિ તે અંકમાં જણાવવામાં આવશે. આ સિવાય **advertisement** દ્વારા પણ જ્ઞાનદાનનો લાભ ઉપલબ્ધ છે. તેના દરો નીચે મુજબ રહેશે.



જ્ઞાનદાન નો ઉત્તમ લાભ લેનાર દાતા

આ અંક માટે ચેતનભાઈ ગણાત્રા તરફથી રૂ. ૫૦૦૦/- પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓના આ જ્ઞાનદાનની અનુમોદના કરે છે.

Sponsorship ના Rates આ પ્રમાણે છે		
Back Cover	₹	11,000/-
Inside Front Cover	₹	7,500/-
Inside Back Cover	₹	6,000/-
Colour Page	₹	5,000/-

Sponsorship Contact
સંજીવ રાવલ - **09820186548**
ડૉ. મીના ગોશર - **09819317038**
પ્રતિભા છેડા - **09324715450**

નોંધ: 'અનન્ય પરિવર્તન' નું વર્ષ ૨૦૧૪ - ૧૫ માટેનું લવાજમ ભરવા સહુ વાચક-મુમુક્ષુઓને નમ્ર વિનંતી. કાગળ અને પ્રિન્ટીંગના ભાવ વધારાને કારણે હવેથી વાર્ષિક લવાજમ રૂ. ૩૦૦.૦૦ રહેશે તેની નોંધ લેવા વિનંતી.

મહાવીર જયંતિની ઉજવણી





vitraag vigyaan

Shrimad Rajchandra
Aatma Tatva Research Centre

Raj Nagar, Parli, Post Gothavade, Taluka Sudhagadh, Off Khopoli - Pali Road, Dist. Raigad – 410205, Maharashtra
Tel : +91 2142 699091 • info@rajchandrakp.org • www.rajchandrakp.org